# ભાવનગરની દીકરીઓ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી...



પેઇજ નં. પાંચ

## ભાવનગરની બહેરાં-મૂંગા શાળાની દીકરીઓએ રાષ્ટ્રીય વોલીબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ સપ્ટેમ્બર : ૨૦૨૫, અંક નં. ૧૫૩/૫૧૯

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 Septembert - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



પ્રાથમિક શાળાના બાળકોને શ્રવણયંત્ર વિતરણ...



સ્વાતંત્ર્ય પર્વે શ્રી કિરીટભાઈ સોનીના હસ્તે ધ્વજ વંદન...



કમિશ્નર ડૉ. મનિષકુમાર મીના દ્વારા બાળકોને ભોજન



કલેક્ટરશ્રી સાથે રક્ષાબંધનની ઉજવણી...




'વિશ્વ સિંહ દિવસ' ની ઉજવણી...



I.G. ઓફિસમાં રક્ષાબંધનની ઉજવણી...



વિદ્યાર્થીઓનો બોરતળાવ પ્રવાસ...

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર..........૦૨
- INDEX..................................૦૩
- સી.પી. સ્કૂલમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી......................................૦૪
- 'અંકુર' શાળામાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી.૦૪
- ભાવનગરની દીકરીઓ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી...૦૫
- જન્માષ્ટમીની ઉજવણી........................૦૫
- PNR સોસાયટીમાં ૭૯મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી........................................૦૬
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ................................૦૬
- 'અંકુર' શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી.....૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા............૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .....૦૯
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ .......................૧૧
- પી.એન. આર. હોસ્પિટલ....................૧૨
- હોસ્પિટલમાં રેટિના ક્લિનિકનો શુભારંભ......૧૩
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૧૩
- ભૂલકાંઓને આઈસ્ક્રિમ.........................૧૪
- અંબા સી. પી. હોસ્ટેલ........................૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.).૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)...૧૬
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા. .૧૮
- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય........૧૯
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ.૨૦
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ
- (હીયરિંગ ઈમ્પેર્ડ)................................૨૦
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૨૧
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા........૨૩
- ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર............૨૫
- લાઈબ્રેરી..............................................૨૫
- ડોનેશન લિસ્ટ.......................................૨૬
- PNR તસ્વીર સમાચાર...............................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## બહેરાં-મૂંગા શાળાની શાનદાર સિધ્ધિઓ...

શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળાના દિવ્યાંગ દીકરા-દીકરીઓએ જુદા-જુદા ક્ષેત્રોમાં પોતાની અદ્વિતીય ક્ષમતા અને સંઘર્ષોના માધ્યમથી પોતાની પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે અને એમનું આ પ્રેરણાદાયક ઉદાહરણ આપણને એ દર્શાવે છે કે દિવ્યાંગતા એ કોઇ વિઘ્ન – મુશ્કેલી કે બાધા નથી પણ પોતાની ક્ષમતાઓથી અદ્વિતીય સિધ્ધિઓ હાંસલ કરી શકાય છે.

મિત્રો, તાજેતરમાં જ નડિયાદમાં યોજાયેલી વોલીબોલની, 'નેશનલ ડેફ સિનિયર સ્પોર્ટ્સ ચેમ્પિયન શિપ સ્પર્ધા' માં ગુજરાત રાજ્યે પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ અને દરેક દીકરીઓને રૂ. ૩૩,૦૦૦/- ની રકમ પ્રાપ્ત થઈ છે. આ વિજેતા ટીમમાં આ શાળાની વિદ્યાર્થીની કુ. જીજ્ઞા વાણિયા કેપ્ટન તરીકે અને અન્ય ચાર ખેલાડી વિધા કોટડિયા, દયા ચાવડા, સોનલ ભિમાણી અને નંદિની રાઠોડ હતી. ભારતના વિવિધ રાજ્યોને પરાસ્ત કરી, ફાઇનલમાં કર્ણાટકને પણ હરાવી, આ ચેમ્પિયનશીપ મેળવવી, એ ખૂબ જ મોટી ગૌરવપૂર્ણ સિધ્ધિ છે. એ માટે એમના કોચ, શાળાના કર્મવીરો અને સંસ્થાના હોદ્દેદારોનું માર્ગદર્શન ખૂબ મહત્વપૂર્ણ રહ્યું છે.

આ ઉપરાંત શિક્ષણના પ્રબંધનમાં આમૂલ પરિવર્તન લાવી, આ વર્ષમાંજ ૩૨ દીકરા-દીકરીઓને સરકારી નોકરી અપાવી સ્વમાનભેર જિંદગી જીવતા કર્યાં છે. તેમાં પણ કુ. માલુ ભમ્મર જેવી ૯૦% શ્રવણમંદ ગરીબ દીકરીને હીયરિંગ એઇડ અને આનુસાંગિક સહાય કરી, નોર્મલ સ્કૂલમાં અભ્યાસ કરાવી, M.B.B.S. માં પ્રવેશ અપાવી, તેણીની જિંદગીમાં પરિવર્તન લાવી આપ્યું છે, આવા તો અનેક ઉદાહરણો આ શાળાના છે.

મિત્રો, શૈક્ષણિક ક્ષેત્રે આવી જ સિધ્ધિ તા. ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિનના દિવસે, આ બહેરાં-મૂંગા શાળાના ૫૦ વર્ષના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત, રાજ્યના દિવ્યાંગ શિક્ષકની કેટેગરીમાં, વર્ષ ૨૦૨૪-'૨૫ના **રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક** તરીકેનો એવોર્ડ તથા રૂ. ૫૧,૦૦૦/- નો પુરસ્કાર ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે સન્માન પ્રાપ્ત કરનાર ડો. કવિતા પારસ શાહને જેટલા બીરદાવીએ તેટલા ઓછા છે. આ સિધ્ધિ તેમને ૨૩ વર્ષના શિક્ષણ અને સહઅભ્યાસક પ્રવૃત્તિઓમાં કરેલા ઉત્તમ કાર્યને લીધે પ્રાપ્ત થઈ છે.

આવી અનેક સિધ્ધિઓ બદલ ખૂબ-ખૂબ અભિનંદન શ્રી ખી. લ. બહેરાં-મૂંગા સંસ્થા પરિવારને...

**કિરીટ રાઠોડ**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૫૩/૫૧૯**
  **૧૫ સપ્ટેમ્બર - ૨૦૨૫**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: 9375757170/9377117170
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# નટરાજ સી.પી. સ્કૂલમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી




તા.૧૩-૮ ના રોજ, નટરાજ સી.પી. સ્કૂલ, કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટના સંયુક્ત ઉપક્રમે ત્રિલોકના સ્વામી સર્વ શક્તિમાન એવા "શ્રી કૃષ્ણ જન્મોત્સવ" જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સાથો-સાથ શ્રી ગોકુલભાઇ શાહ અન્નદાન યોજના અંતર્ગત મુખ્ય દાતા શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ પરિવારના કોર્પસ ફંડ અને અન્ય દાતાશ્રીઓના સહયોગથી ૧૦૦ જેટલા લાભાર્થીઓને રોજીંદા જીવનમાં ઉપયોગી સામગ્રીથી સજ્જ અનાજ કિટ વિતરણ કાર્યક્રમ પણ યોજાયો હતો. જન્માષ્ટમી ઉજવણીમાં મુખ્ય અતિથિ વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO)ના શ્રી અલ્પેશભાઇ શેઠ, શ્રી દેવેનભાઇ શાહ અને શ્રી કમલેશભાઈ પટેલ તથા અન્ય સભ્યો પણ ઉત્સાહભેર જોડાયા હતાં. કાર્યક્રમની શરૂઆત શ્રી કૃષ્ણના શ્લોક ગાન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઇ શાહે મંત્રિત મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. અર્લીઇન્ટવેશન સેન્ટરના બાળકોએ 'ફેશન' શો રજૂ કર્યો હતો. જેમાં બધા જ બાળકોમાં શ્રી કૃષ્ણની પ્રતિતી જોવા મળી હતી. વાતાવરણને શ્રી કૃષ્ણમય બનાવવા માટે શ્રી કૃષ્ણ લીલા થીમ પર ઓટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અને સી.પી. સ્કૂલના બાળકો દ્વારા ક્રમશ: શ્રી કૃષ્ણ જન્મ, નાગદમણ કૃતિ અને કંસવધ જેવી કૃષ્ણ લીલાઓને અભિનયના માધ્યમથી રજૂ કરી, પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. ત્યારબાદ ઉપસ્થિત આમંત્રિત મહેમાનોશ્રીઓ, સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા ટોકન સ્વરૂપે અનાજ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન અન્ય દાતાશ્રીઓએ મુક્ત મને દાનનો પ્રવાહ વહાવી દીધો હતો. તેમજ શ્રી અલ્પેશભાઇ શેઠ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જન્માષ્ટમી ઉત્સવના હાર્દ સમા મટકી ફોડ કરવામાં આવી હતી, ત્યારે "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી" ના નાદ સાથે સમગ્ર ઓડિટોરિયમ ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમને અંત તરફ લઈ જતાં સંસ્થાના માનદ્ મંત્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા આભાર દર્શન કરી, કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

# 'અંકુર' શાળામાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી



શાળામાં દર વર્ષની માફક આ વર્ષે પણ તા.૧૨/૮ ના રોજ હર્ષોલ્લાસ સાથે, મોઢ યુવક મંડળની ઉપસ્થિતિમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહે આવેલ મહેમાનોનું શાબ્દિક તથા સ્મૃતિભેટથી સ્વાગત કર્યું હતું ત્યારબાદ મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફ તથા બાળકો દ્વારા મટકી ફોડ, કૃષ્ણ જન્મ, ઝૂલા ઝૂલાવવા તથા કૃષ્ણ ભક્તિના ગીતો પર રાસ રમી, કૃષ્ણ જન્મોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ પ્રસંગે મોઢ યુવક મંડળના પ્રમુખશ્રી જતિનભાઈ મણિયાર તથા તેમની સગ્રમ ટીમ, તેમજ મોઢ મહોદય સંસ્થાના પ્રમુખ શ્રી સુનિલભાઈ પારેખ, મોઢ વણિક સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી સુનિલભાઈ પરીખ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી અલ્પેશભાઇ શેઠ દ્વારા કરવામાં આવી હતી આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના સંકલન નીચે સમગ્ર કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો હતો.

# ભાવનગરની દીકરીઓ રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી

## ભાવનગરની બહેરા-મૂંગા શાળાની દીકરીઓએ રાષ્ટ્રીય વોલીબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો



તાજેતરમાં ઓલ ઇન્ડિયા નેશનલ કાઉન્સિલ ઓફ ધ ડેફ દ્વારા આયોજિત ૨૭મા નેશનલ ડેફ સિનિયર સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં, ગુજરાતની ટીમે પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. અગાઉ કેરળ ખાતે નક્કી થયેલ, પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે બંધ રહેતા ગુજરાતના યજમાનપદે, નડિયાદ ખાતે નેશનલ વોલીબોલ સ્પર્ધા યોજાયેલ. જેમાં કેરળ, તામિલનાડુ, કર્ણાટક અને બીજા રાજ્યોને હરાવી ગુજરાતની ટીમે ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ગુજરાતની વોલીબોલ ટીમમાં ભાવનગરની શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા સંચાલિત શ્રીમતી મહાલક્ષ્મીબેન અને જગન્નાથ મહેતા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શ્રવણમંદોની શાળાની પાંચ વિદ્યાર્થીનીઓ જીગ્ના વાણિયા, વિજયા કોટડિયા, દયા ચાવડા, સોનલ ભીમાણી અને નંદિની રાઠોડે ભાગ લીધો હતો. આ રમતની કેપ્ટન તરીકેની ફરજ શાળાની વિદ્યાર્થીની જીગ્ના વાણિયાએ સંભાળી હતી. ગ્રામ્ય વિસ્તારમાંથી આવતી દીકરીઓને સારું માર્ગદર્શન મળે તો ગામડાની દીકરીઓ પણ શ્રેષ્ઠ કરી શકે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ માટે માર્ગદર્શન શાળાના રમત ગમત શિક્ષક હિતેષભાઇ વ્યાસે પૂરું પાડ્યું હતું. પાંચેય દીકરીઓએ ગોલ્ડ મેડલ ઉપરાંત, રૂ.૩૩૦૦૦/- જેવી માતબર રકમ દરેક વ્યક્તિગત ધોરણે ઇનામ તરીકે મેળવી છે.

આ ટીમ ગોલ્ડ મેડલ મેળવી ભાવનગર આવતા શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ્મંત્રી ડો. અશ્વિનભાઈ પંડ્યા, ટ્રેઝરર શ્રી જીતુભાઇ શાહ, ઉપરાંત હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શૈલેષભાઇ દવે, પ્રાથમિકના પ્રિન્સિપાલ ફાલ્ગુનીબેન ખાટસુરિયા, કોલેજના પ્રિન્સિપાલ ધવલભાઈ વ્યાસ, મુખ્ય ગૃહમાતા સ્નેહાબેન જોશી અને શાળા સંકુલના તમામ શિક્ષકો- કર્મચારીઓએ ફુલહાર અને ગુલાબ પાંખડીઓની વર્ષાથી આ વિજેતા દીકરીઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

# શ્રી શાહ ખી.લ. બહેરા મૂંગા શાળામાં જન્માષ્ટમીની ઉજવણી

શ્રી શાહ ખી. લ. બહેરા મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, પ્રાથમિક વિભાગ અંતર્ગત શાળાના ઓડિટોરિયમમાં, શાળાના બાળવર્ગથી ધો. ૨ ના તમામ વિધાર્થીઓ અને શિક્ષકોએ બોળચોથ, નાગપંચમ, રાંધણ છઠ્ઠ, શિતળા સાતમ તથા જન્માષ્ટમી વગેરે તહેવારોની વિસ્તારથી સમજ મેળવવા, શિક્ષકોએ જાતે નાટયીકરણ કરેલ વિડીયો નિહાળેલ. તેમજ ભાષાકીય સમજ મેળવેલ. આ પ્રસંગે બાળકોને તેડી જવા આવેલ વાલીગણે પણ, ઉત્સાહથી આ પ્રવૃત્તિ નિહાળીને આનંદની લાગણી અભિવ્યક્ત હતી.

# PNR સોસાયટીમાં ૭૯મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

તા. ૧૫/૮ ના રોજ ૭૯મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. નટરાજ સી. પી. સ્કૂલ, તેમજ શ્રી કે. એન. શાહ હાઈટેક ઈન્કલ્યુઝિવના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ સ્વાતંત્ર્ય પર્વમાં, ધ્વજવંદન કે.એન. શાહ હાઈટેક ઈન્કલ્યુઝિવ સ્કૂલના આચાર્ય શ્રી હિતેનભાઈ પંડયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા સ્વાગત પ્રવચન અને શ્રી હિતેનભાઈ પંડયા દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કે.એન. શાહ હાઈટેક ઈન્કલ્યુઝિવ સ્કૂલની વિદ્યાર્થીની માહી વિપુલભાઈ ધોલેતરને 'રિડર ઓફ ધ યર'નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કર્યું હતું.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજ વિભાગ દ્વારા, શાળાના મેદાનમાં ૭૯ મા સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સહમંત્રી શ્રી કિરીટભાઈ સોનીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શ્રી કિરીટભાઈ સોની અને શ્રી ગિરીશભાઈ શાહે પ્રાસંગિક ઉદ્દબોધનમાં, સૌએ સાથે મળીને દેશહિતના કાર્યોમાં સહભાગી થવાની વાત જણાવી.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી મહાસુખભાઈ જકડિયા, માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી હિતેશભાઈ મહેતા, શ્રી સુર્યકાંતભાઈ ચાવડા, શ્રી ક્રિષ્નાબેન સોની, તેમજ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, શ્રી ધવલભાઈ વ્યાસ તથા સંસ્થાના તમામ વિભાગના કર્મચારીઓ, તાલીમાર્થીઓ અને બાળકોની હાજરી પ્રોત્સાહક રહી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ગજાનંદભાઈ ભટ્ટે, તેમજ આભારવિધિ શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ કરી હતી.

# 'અંકુર' શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

૭૯ મા સ્વાતંત્ર્ય પર્વની શાળામાં સંપૂર્ણ આન-બાન–શાન સાથે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ભાવનગરના જાણીતા ઉધોગપતિ તથા દેશ-વિદેશમાં ભાવનગરનું નામ ગુંજતુ કરનાર CARYSIL ના ચેરમેન અને એમ.ડી. શ્રી ચિરાગભાઈ પારેખના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કૃતિ તથા રમતો રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ હકાણી, માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. અંતમાં રમત-ગમત તથા અન્ય ક્ષેત્રમાં સિધ્ધિ મેળવેલ બાળકોને ઈનામ તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ધ્વજવંદનવિધિ શ્રી હરદિપભાઈ કામળિયાએ કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધિ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવી હતી.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**'હર ઘર તિરંગા કાર્યક્રમ' :**

"હમ સબને યહ ઠાના હૈ, હર ઘર તિરંગા લહેરાના હૈ"

તા.૧૧-૮ ના રોજ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ તિરંગા યાત્રા રેલી કરવામાં આવી. જેમાં "ઘર ઘર તિરંગા, હર ઘર તિરંગા", "ભારત માતા કી જય, વંદે માતરમ", "આઝાદી અમર રહે", અને દેશ ભક્તિના ગીતો સાથે શાળાની આસપાસના વિસ્તારમાં રેલી સાથે જાગૃતતા પણ ફેલાવવામાં આવી. સી.પી. દિવ્યાંગ બાળકો દ્વારા પોતાની ક્ષમતાથી ઉપર ઉઠી રેલીમાં ભાગ લીધો અને ભારત દેશના નાગરિક તરીકે પોતાની ફરજ બજાવેલ. આ રેલીમાં સી.પી., ઓટિઝમ, ID, MD વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, વાલીગણ, TTC MD ના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ, તિરંગા યાત્રાને સફળ બનાવી હતી. આ રેલીમાં કુલ ૮૦ સભ્યો જોડાયાં હતાં. ત્યારબાદ દેશ ભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સી.પી., ઓટિઝમ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ અને સ્ટાફે પણ પોતાની ભાગીદારી નોંધાવી અને ગીતના માધ્યમથી દેશ પ્રત્યેની લાગણી રજૂ કરી હતી. સાથે ખાસ ધો. ૪ અને ધો. ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા પાઠ્યપુસ્તકમાં આવતી દેશભક્તિની કવિતાઓ સમૂહ ગાનના માધ્યમથી રજૂ કરી હતી. ત્યારબાદ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા ખાસ પ્રકારની ક્વિઝ કોન્ટેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ-લર્નિંગના માધ્યમથી બાળકોની ક્ષમતા મુજબની પ્રશ્નોત્તરી, વિકલ્પ સાથે કરવામાં આવી હતી. જેમાં A સી.પી. સ્કૂલ, B ઓટિઝમ સ્કૂલ, અને C દિશા કમ વિકાસ પ્રોજેક્ટ એમ ત્રણ ટીમ બનાવવામાં આવી હતી. જેમાં બાળકોએ બહુ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનું જ્ઞાન તાજું કર્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે સમગ્ર સી.પી. ડિપાર્ટમેન્ટના સ્ટાફે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**સક્ષમતા તાલીમ :**

આજના આધુનિક યુગમાં દર મિનિટે થતાં હરળફાળ વિકાસના સમયમાં વિશિષ્ટ શિક્ષકની વિશિષ્ટ કામગીરી અને જવાબદારીને ન્યાયપૂર્ણ રીતે નિભાવવા માટે વિશિષ્ટ શિક્ષકે પણ આધુનિક યુગ સાથે કદમ મિલાવવા, પોતાની જાતને પણ અપડેટ્સ રાખી, પોતાનું જ્ઞાન તાજું અને વિકસિત થાય એ હેતુથી શાળાના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા ખાસ એક સક્ષમતા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ સી.પી. સાથે બહુવિધ દિવ્યાંગતા, બધિર, અંધતા ધરાવતા બાળકોને ધ્યાનમાં રાખી વિવિધ એસેસમેન્ટ, ટૂલ્સ, સ્કેલ, એસેસમેન્ટ ફોર્મેટ સાથે PPTના માધ્યમથી માહિતી આપી હતી.

**દાંત તપાસ કેમ્પ :**



તા.૧૮-૭ ના રોજ નિ:શુલ્ક દાંત તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પી.એન.આર. હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો. મિથિલાબેન ઝા દ્વારા કુલ ૪૫ બાળકો તથા સ્ટાફની નિ:શુલ્ક તપાસ તેમજ દવાઓ, સાથે ટૂથબ્રશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નટરાજ સી.પી. સ્કૂલ અને કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ લાભ લીધો હતો. આ કેમ્પની કામગીરી શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી જ્યોતિબેન પરમારે કરેલ.

**વિશ્વ સિંહ દિવસ :**

બધા માટે એ સિંહ કહેવાય પણ આપણે તેને "સાવજ" કહીએ.

"વાંચતા વાંચતા મજા આવે તો તેની વાત જુદી...

સિંહ જુદો અને તેની વાત જુદી...

હાલતો હોય તો તેની નાત જુદી...
અને ઊભો હોય તો તેની નાત જુદી...
પડે નજર કોઈ પર તો તેની માર જુદી..."

તા.૭-૮ ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સિંહના ગૌરવશાળી, પ્રભાવશાળી અને આકર્ષિત વ્યક્તિત્વને દર્શાવતા મોહરા પહેરી બાળકોએ સ્વયંમાં સિંહની અનુભૂતિ કરી હતી. સાથે સિંહ રેલી પણ કરવામાં આવી હતી. સાથે "સાવજ" લાયન એન્થમ પણ કરવામાં આવી હતી.

**રક્ષાબંધનની ઉજવણી :**

તા. ૮/૮ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ અને દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા ભાઈ-બહેનના પ્રવિત્ર તહેવાર રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિવ્યાંગ બાળાઓ (બહેનો) દ્વારા દિવ્યાંગ બાળકોને (ભાઈઓ) ને ઉજ્જવળ ભવિષ્ય, તંદુરસ્તી અને દીર્ઘાયુષ્યની કામના સાથે, કુંમકુંમ તિલક કરી, ચોખા લગાવી, જમણા હાથમાં રક્ષા સ્વરૂપ રાખડી બાંધવામાં આવી હતી. ભાઈઓ દ્વારા પોતાની ક્ષમતા અનુસાર બહેનોને ગિફ્ટ કરેલ અને ચોકલેટ-મીઠાઇથી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. આચાર્યશ્રી દ્વારા રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

**ઘંટાકર્ણ મહાવીર :**

તા. ૨૫/૭ ના રોજ (શ્રાવણ સુદ એકમ – બેસતો મહિનો) શ્રી સીમંધર સ્વામી (ઘંટાકર્ણ મહાવીર સ્વામી) દેરાસર



ક્રેસંટ, ભાવનગર ખાતે, નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓને સુખડી-ગાંઠિયાની પ્રસાદી માટે લઈ જવામાં આવ્યાં હતાં. જ્યાં બાળકોએ ખુબજ ઉત્સાહભેર પ્રસાદ લઈ, શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામીના દર્શન કરી, તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં. આ કાર્યક્રમમાં શાળાના ૫૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને ૧૦ સ્ટાફે લાભ લીધેલ.

જે માટેની તમામ વ્યવસ્થા માનનીય શ્રી અમિતભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે વિશિષ્ટ શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતાએ કર્યું હતું.

## સક્સેસ સ્ટોરી

**બાળકનું નામ : ક્રિયાન**



**અંબર ગુપ્તા**
**સ્પીચ થેરાપીસ્ટ**

ક્રિયાન જ્યારે બે વર્ષ પહેલાં અમારા સ્પીચ થેરાપી વિભાગમાં આવ્યો ત્યારે તેની સ્થિતિ અલગ જ હતી. ક્રિયાન બોલતો ન હતો, આંખોમાં નજર મિલાવતો ન હતો, આસપાસની સામાન્ય વસ્તુઓ (ફળ, શાકભાજી, વાહનો) ઓળખી શકતો ન હતો. અને સ્કૂલ માટે તૈયાર પણ ન હતો. તે મોટાભાગે એકલો રહેતો અને પોતાની જરૂરિયાતો બતાવવામાં મુશ્કેલી અનુભવતો.

સૌ પ્રથમ ક્રિયાનની સંપૂર્ણ તપાસ (એસેસમેન્ટ) કરવામાં આવી અને ત્યારબાદ નિયમિત સ્પીચ થેરાપી શરૂ કરવામાં આવી. આ દરમિયાન માતા-પિતાનો સતત સહકાર અને થેરાપીમાં સક્રિય ભાગ, ખૂબ જ મહત્વનો રહ્યો. થેરાપી સાથે માતા-પિતાએ ઘરમાં પણ ઘણી મહેનત કરી, જેના કારણે ક્રિયાનની પ્રગતિ ઝડપથી જોવા મળી.

આજે બે વર્ષ બાદ ક્રિયાનમાં મોટો બદલાવ આવ્યો છે. હવે તે સરળ અને અર્થસભર વાક્યો બોલી શકે છે, પોતાની જરૂરિયાતો અને લાગણીઓ સ્પષ્ટ રીતે કહી શકે છે અને આંખોમાં નજર મિલાવીને વાતચીત કરે છે. હાલમાં તેની પાસે લગભગ ૧૦૦૦ શબ્દોની Vocabulary છે. હવે ક્રિયાન વસ્તુઓ ઓળખે છે, નામ બોલે છે અને સૌથી આનંદની વાત એ છે કે તે હવે સામાન્ય શાળા લિટલ એન્જલમાં નિયમિત રીતે જઈ રહ્યો છે. હાલમાં પણ ક્રિયાનની સ્પીચ થેરાપી ચાલુ રાખી છે, જેથી તેનો વિકાસ સતત આગળ વધે. ક્રિયાનની આ સફર એ દર્શાવે છે કે જો સ્પીચ થેરાપી સમયસર શરૂ થાય અને માતા-પિતાનો સહકાર મળે તો Autism Spectrum Disorder ધરાવતા બાળકોમાં પણ ઉત્તમ પ્રગતિ થઈ શકે છે.




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

### આનંદદાયી શનિવાર-3 'બેગલેસ ડે' :

સ્કૂલમાં તા. ૧૯-૭ ના રોજ 'બેગલેસ ડે અને આનંદદાયી' શનિવારની પ્રવૃત્તિઓ અંતર્ગત, વિશિષ્ટ સંસ્થાઓની મુલાકાત માટે શ્રી નાઈસ ધ પ્રાઇમરી સ્કૂલના ધોરણ 7 માં અભ્યાસ કરતા 146 બાળકો અને તેમના શિક્ષકશ્રીઓ આવ્યાં હતાં. આપણી શાળામાં ચાલતાં ઇન્ક્લુઝિવ શિક્ષણ અંગેની માહિતી આચાર્યશ્રીએ આપ્યાં બાદ સંસ્થાનાં દરેક વિભાગમાં ચાલતી પ્રવૃત્તિની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.શાળાના વર્ગખંડો,કેમ્પસ અને ક્રિડાંગણ જોઈને બાળકો અને શિક્ષકો ખૂબ પ્રભાવિત થયાં હતાં. એ પછી અમારી શાળામા આનંદદાયી શનિવાર-૩માં બાલમંદિર તેમજ ધોરણ:-૧થી ૮ના વિદ્યાર્થીઓ ને સૌપ્રથમ મનની સ્ફૂર્તી માટે બાળસભા યોજાય હતી. એ પછી બાળકોનો ઉમંગ-ઉલ્લાસનો રસભર્યો ફુવારો, ચિત્રમાં રેડી શકે એ માટે રંગપૂરણી કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ વિદ્યાર્થીના જીવનમાં જેટલું મહત્વ અભ્યાસનું છે, એટલું જ મહત્વ રમતોનુ રહેલું છે એટલા માટે બાળકોને શૈક્ષણિક રમત તેમજ કબડી, ખો-ખો, દોરડા કૂદ જેવી રમત રમાડવામાં આવી. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ બાળકોને તણાવમુક્ત, તેમજ મેદસ્વિતાનો ભોગ ન બને તે છે. આ રીતે 'આનંદદાયી શનિવારની' ઉજવણી સાચા અર્થમાં થઈ એવું લાગે છે.

### 'રંગોત્સવ' :

સ્કૂલમાં તા. ૧૯-૭ ના રોજ ' નેશનલ લેવલનો રંગોત્સવ ' કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાલમંદિર તેમજ ધોરણ ૧ થી ૧૨ ના કુલ ૧૬૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં રંગપૂરણી, કોલાજવર્ક, ગ્રિટીંગકાર્ડ, સ્કેચિંગ થંબપ્રિન્ટિંગ વગેરે જેવી પ્રવૃત્તિ કરાવવામાં આવી. આ સ્પર્ધામાં સરસ પ્રદર્શન કરેલ વિદ્યાર્થીને પ્રમાણપત્ર તેમજ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

### આનંદદાયી શનિવાર-4 'બેગલેસ ડે' :

સ્કૂલમાં તા. ૨૬-૭ ના રોજ સરકારશ્રીના આદેશ મુજબ આનંદદાયી શનિવાર-૪ 'બેગલેસ ડે' ની ઉજવણી



કરવામાં આવી. બાલમંદિર વિભાગમાં વેશભુષા કાર્યક્રમ અંતર્ગત નાનાં-નાનાં ભૂલકાંઓ પોલીસ, વકીલ, ડૉક્ટર,સાધુ,શિક્ષક,વગેરે વેશ ધારણ કરીને આવ્યાં. તેમજ ધોરણ 1 થી 4 ના વિદ્યાર્થીઓને લીંબુ ચમચી, સંગીતખુરશી, પાસિંગ બોલ, જોડણી ઓળખ જેવી રમત રમાડવામાં આવી. ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને ઓડિટોરિયમ ખાતે મુક્તપણે કઈ રીતે ચિત્ર દોરવા તેની માહિતી આપેલ. આ વ્યાખ્યાનમાં મુખ્ય મહેમાન તરીકે ભાવનગરનાં ખ્યાતનામ એવા મહાન ચિત્રકાર ડો.અશોકભાઈ પટેલે હાજરી આપેલ. તેઓનું પુસ્તિકા તેમજ મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું. તેઓએ બાળકોમાં રહેલી ચિત્રકાલાને કઈ રીતે વિકસાવવી, કલર કઈ રીતે પૂરવા, તમારામાં રહેલી લાગણી ચિત્ર દ્વારા રજુ કરી શકો, તેમજ કાન ગોપી, રામાયણ, પૂજા કરતી સ્ત્રી વગેરે ચિત્ર ની સ્લાઈડ બતાવી હતી. શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા દ્વારા શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો.

### 'કલા મહાકુંભ' :

સ્કૂલના ધો. ૬ થી ૧૦ ના કુલ ૦૯ વિદ્યાર્થીએ કલા મહાકુંભમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. યશવંતરાય નાટ્યગૃહ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લોકનૃત્ય, નિબંધલેખન, વકૃત્વ,ચિત્રકલા, લોકગીત/ભજન, વગેરે જેવી અલગ-અલગ પ્રવૃતિઓ સામેલ હતી. અલગ-અલગ પ્રવૃતિમાં કુલ ૮૫૦ વિદ્યાર્થીઓએ ભાગ આ કલામહાકુંભમાં લીધો હતો. જેમાં આપણી શાળાનો ધો. ૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી આહિર કૃણાલ શૈલેષભાઈ જે દિવ્યાંગ બાળકે, નોર્મલ

વિદ્યાર્થી સાથે ભાગ લીધેલ. જેમાં તેને ઉંમર વર્ષ ૨૧ થી ૫૯ (ઓપન કેટેગરી) માં ઝોન કક્ષામાં લોકગીત/ભજનમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરવાં બદલ શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા તથા દરેક શિક્ષકગણે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

**'ઝોન કક્ષા-2 રમતોત્સવ' :**

તા. ૩-૮ ના રોજ સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ખાતે, ઝોન કક્ષા-2 રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં આ સ્કૂલના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ધો. ૧૨ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી જાડેજા આદિત્યરાજસિંહ પ્રદીપસિંહ એ બરછી ફેંકમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો. તેમજ સરવૈયા રોનક ધરમશીભાઇ એ ગોળાફેંકમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો અને ધો. ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની રવિયા બંસી મનીષભાઈ એ 200 મીટર દોડમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. તે બદલ શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા અને દરેક શિક્ષકગણે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

**'રક્ષાબંધન પર્વ'ની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૮-૮ ના રોજ 'રક્ષાબંધન' પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાલમંદિર તેમજ ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીનીઓ દ્વારા, વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી, હાથમાં રાખડી બાંધી ઉજવણી કરી. તેમજ શાળના આચાર્યશ્રી દ્વારા આ પાવન પર્વ ઉજવવાનો હેતુ શું રહેલો છે ? તેની માહિતી આપી. ત્યારબાદ આ કાર્યક્રમને વધુ આકર્ષિત બનાવવા વિદ્યાર્થી દ્વારા બનાવવામાં આવેલ **'રાખી પ્રદર્શન'** યોજવામાં આવ્યું અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને નંબર આપવામાં આવ્યાં હતાં.

**હેલ્થ ચેકઅપ :**



સ્કૂલમાં તા. ૮-૮ ના રોજ કાળિયાબીડ, આર.બી.એસ.કે. ડો.જલ્પાબેન રાઠોડ અને ડો.અક્ષયભાઈ પંડ્યા તેમજ તેઓની ટીમ, વિદ્યાર્થીઓનાં 'હેલ્થ ચેકઅપ' માટે આવી હતી. આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓનું વજન, ઊંચાઇ તેમજ દાંત, કાન, આંખ અને ગળાની તપાસ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ યોજવાનો મુખ્ય હેતુ બાળકોમાં જો કોઈ ખામી હોઈ તો વહેલી તકે જાણી યોગ્ય સારવાર મળી રહે તે હતો.

**'વિશ્વ સિંહ દિવસની' ઉજવણી :**



સ્કૂલમાં ૧૦ ઓગષ્ટ 'વિશ્વ સિંહ દિવસ' ની કરવામાં આવી, જેમાં શાળાના દરેક બાળકો તેમજ શિક્ષકગણ પણ જોડાયાં હતાં. સાચી સુંદરતા એ પ્રકૃતિ અને વન્ય જીવોમાં રહેલી છે, ઈશ્વરે આપેલ આ અમૂલ્ય પ્રકૃતિને બચાવવી એ આપણી ફરજ છે. સિંહોનું રક્ષણ અને સંવર્ધન કરીશું નો સંકલ્પ લીધો હતો, તેમજ રેલી દ્વારા અન્ય લોકોને પણ જાગૃત કર્યા હતાં.

**રોટરી ક્લબ અંતર્ગત 'ફ્રેન્ડશીપ ડે' ની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૫-૮ ના રોજ રોટરી ક્લબ અંતર્ગત હોમિયોપેથી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં 'ફ્રેન્ડશીપ ડે' નું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ થી ૧૨ નાં દિવ્યાંગ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેઓને પાસિંગ બલુન અને પિરામિડ જેવી રમતો રમાડી હતી અને દરેક બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતાં.

**સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમ :**

સ્કૂલમાં તા. ૬-૮ થી ૮-૮ સુધી સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. જેમાં ૬-૮ ના રોજ સંસ્કૃત ભાષાનું ગૌરવ, સંરક્ષણ, સંવર્ધન તેમજ પ્રચાર અર્થે રેલીનું આયોજન કરવામાં આવ્યું. યાત્રા દરમિયાન ભારતીય પ્રાચીન સાહિત્ય ગ્રંથોના વિશાળ નમુનાઓ તૈયાર કરી, ભારતીય સંસ્કૃતિ જ્ઞાનને લગતી રેપ્લિકા વગેરે પ્રદર્શિત કર્યા હતાં. ત્યારબાદ તા. ૭-૮ ના રોજ સંસ્કૃત સંભાષણ દ્વિતીય દિનની પ્રવૃતિ અંતર્ગત, સંસ્કૃત પ્રાર્થના સભાનું આયોજન કર્યું. વિદ્યાર્થીઓ દ્વારા પણ સંસ્કૃત ભાષા અંતર્ગત જુદી જુદી પ્રવૃતિ રજૂ કરવામાં આવી અને તા. ૮-૮ ના રોજ સંસ્કૃત સાહિત્ય દિન અંતર્ગત સંસ્કૃત સાહિત્યનું પ્રદર્શન કરવામાં આવ્યું. જેમાં

વિદ્યાર્થીઓ દ્વારા અર્વાચીન સંસ્કૃત સાહિત્ય અંગેના વિવિધ ચિત્રો, તેમજ સંસ્કૃત સાહિત્ય અંગેના વિવિધ પ્રોજેકટો રજૂ કરવામાં આવ્યાં હતાં.

**'હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા' :**




સ્કૂલમાં 'હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા : સ્વચ્છતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ" આ કાર્યક્રમ અંતર્ગત, આજરોજ ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કાળિયાબીડમાં આવેલા મેલડીમાંના મંદિરના પટાંગણની, તેમજ આજુબાજુના વિસ્તારની સફાઇ કરી અને નકામા કચરાનો યોગ્ય નિકાલ કરવો અને સ્વચ્છ શહેર બનાવવું તેવો સંદેશો આપ્યો હતો. આપણી સંસ્કૃતિમાં પણ કહેવાયું છે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખી, સમાજને જાગૃત કરવા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયાં હતાં.

**'જન્માષ્ટમી' પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી' :**

સ્કૂલમાં તા. ૧૨-૮ ના રોજ 'જન્માષ્ટમી' પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત સાંસ્કૃતિક કાર્યક્રમથી કરવામાં આવી. આ કાર્યક્રમમાં બાલમંદિર તેમજ ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગલીધો હતો. 'વો કાન્હા હે..,' 'દ્વારકાધીશ ને ખમ્મા', 'કૃષ્ણ જન્મોત્સવ નાટક'જેવી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી. ત્યારબાદ કૃષ્ણ જન્મોત્સવનો નાદ, 'નંદ ઘેર આનંદ ભયો' સાથે ભગવાન શ્રીકૃષ્ણની આરતી કરી હતી. ત્યાર પછી બાળ કૃષ્ણ દ્વારા મટકી ફોડ કરીને ઉજવણી કરાય હતી.

નોંધ : ઉપરોક્ત તમામ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન નીચે તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પી.એન.આર. સોસાયટી, ભાવનગર પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ



✍ યશ મહેતા

- BKPPMDS અને PNR સોસાયટીના સંયુકત ઉપક્રમે ચાલતા પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ અને હેલ્ધી એજિંગ પ્રોગ્રામમાં જૂલાઈ-૨૦૨૫ના મહિનામાં મોન્સુન મસ્તી એક્ટિવિટી, બેલેન્સની કસરતો, ચાલવાની પધ્ધતિ સુધારવા, સ્પીચ અને હલન-ચલન માટેના વિશેષ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સત્રોનું દર રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે અને દર ગુરૂવારે ૫:૦૦ કલાકે વિનામૂલ્યે આયોજન કરવામાં આવે છે.
- ઓગસ્ટ-'૨૫માં પાર્કિન્સન્સના સભ્યો દ્વારા આર્ટથેરાપીના સેશન મુજબ રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિવસ, જન્માષ્ટમી અને ગણેશ ચતુર્થી જેવા તહેવારોની ઉજવણી કરવામાં આવી હતી.

**પાર્કિન્સન્સ રોગના કારણો અને પ્રકારો :** પાર્કિન્સન્સ રોગ કે જેને ઘણી વખત “કંપવા” તરીકે પણ ઓળખાય છે, એ એક મગજને લગતો અસાધ્ય રોગ છે, જેમાં મગજનાં કેટલાક વિશિષ્ટ કોષો (ડોપામિન ઉત્પન્ન કરતા કોષો) ધીમે-ધીમે નષ્ટ થવા લાગે છે. આના કારણે શરીરનું હલન-ચલન, સંતુલન અને સંકલન ખોરવાઈ જતું હોય છે.

કારણો : પાર્કિન્સન્સ રોગના ચોક્કસ કારણો હજી સુધી સ્પષ્ટ નથી, પરંતુ કેટલીક સંભાવનાઓ અને પરિબળોને ઓળખી શકાયા છે.

- વય / ઉંમર : ૬૦ વર્ષથી ઉપરના લોકોમાં જોખમ વધારે જણાય છે.
- વારસાગત પરીબળો : પરિવારમાં પાર્કિન્સન્સનો ઇતિહાસ હોય તો જોખમ વધી શકે.
- પર્યાવારણ : કીટનાશક દવાઓ, ભારે ધાતુઓ અથવા ઝેરી રાસાયણિક પદાર્થોના લાંબા સમયનો સંપર્ક.
- મગજની ઇજા : વારંવાર મગજ પર થતી ઇજા.
- ડોપામિનનું અસંતુલન : કોષોની હાનીથી સીધી અસર થાય.

પ્રકારો :

- ઈડિયોપેથિક, પ્રાથમિક પાર્કિન્સન્સ રોગ : સૌથી સામાન્ય પ્રકાર ૮૦% કેસો. આ પ્રકારમાં ચોક્કસ કારણથી અજાણતા છે. અને લક્ષણો ધીમે-ધીમે વધતા જાય છે.
- સેકેન્ડરી / ગૌણ પાર્કિન્સોનિઝમ : અન્ય બીમારીઓ કે દવાઓના કારણે થતો પાર્કિન્સન્સ રોગ.
- અટિપીકલ પાર્કિન્સન્સ : મગજને લગતી અન્ય ગંભીર બીમારીઓ કે જેમાં પાર્કિન્સન્સ જેવા લક્ષણો હોય.
- ઉદાહરણ : MSA, PSP, CBD વિગેરે.
- યંગ ઓનસેટ : ૪૦ વર્ષથી નીચેની ઉંમરમાં થતો પાર્કિન્સન્સ રોગ શરીર, ઉપરાંત મનને પણ અસર કરે છે. વહેલી તકે નિદાન અને યોગ્ય સારવારથી લક્ષણોને નિયંત્રિત કરી શકાય છે.

## વિવિધા — પાર્કિન્સન્સ રોગને કૂતરાઓ સુંઘી શકે છે.

લક્ષણો દેખાય તે પંહેલા કૂતરાઓ પાર્કિન્સન્સ સુંઘી શકે છે. સાયન્સ ડેઇલીના અહેવાલ મુજબ, પાર્કિન્સન્સના દર્દીઓમાં એક વિશિષ્ટ ગંધ હોય છે, જે તાલીમ પામેલ કૂતરાઓ ત્વચાના સ્વેમાંથી બહાર કાઢી શકે છે. ધ જર્નલ ઓફ પાર્કિન્સન્સ ડિસીઝમાં પ્રકાશિત આ અભ્યાસમાં મેડિકલ ડિટેકશન ડોગ્સ ચેરિટી સાથે જોડાણ કરવામાં આવ્યું હતું. જેણે બે કૂતરાઓને દર્દીના નમૂનાઓમાં ૮૦% સુંધી સંવેદનશીલતા અને અને ૯૦% વિશિષ્ટતા સાથે રોગને સુંઘવા માટે તાલીમ આપી હતી. “કૂતરાઓએ ઉચ્ચ સંવેદનશીલતા, વિશિષ્ટતા પ્રાપ્ત કરી અને દર્શાવ્યું કે દર્દીઓમાં એક વિશિષ્ટ ઘ્રાણેન્દ્રિય હસ્તાક્ષર છે. તેઓ પાર્કિન્સન્સને શોધવા માટે બિન-આક્રમક, ખર્ચ-અસરકારક રીત વિકસાવવામાં મદદ કરી શકે છે. આવું સ્ટડી લીડ, નિકોલા રૂનીનું કહેવુ છે. સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**જુલાઈ`૨૫ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવી છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા | |
|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૬૧ | ૦૭ | ૦૫ |
| આંખ | ૧૬૮૧ | - | ૪૭૧ |
| આંખની છારી | - | ૮૩ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૩૨ | ૧૨૯ | ૦૩ |
| ઓર્થોસ્કોપી | ૨૨ | - | ૦૧ |
| ઓર્થોડેન્ટલ | ૧૭૨ | ૧૮૬ | - |
| જનરલ ઓપીડી | ૬૯૯ | - | - |
| એક્ષ-રે | ૯૨ | - | |
| લેબોરેટરી | ૫૪૨ | ૧૯૦૭ (ટેસ્ટ) | |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૩૩ | - |
| આંખના પડદા | ૪૪ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૧૯ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૨૨ | ૦૫ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૨ | ૦૬ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૨ |

**આ માસ દરમિયાન કુલ 4996 દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.**

◈ **આ મહિનામાં સ્વાસ્થ્ય સંજીવની યોજના નીચે 147 લાભાર્થીઓએ રૂ. 26350/- ની સહાય મેળવેલ છે**

◈ **તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ 09 લાભાર્થીઓએ રૂ. 940/- ની સહાય મેળવેલ છે.**

# PNR હોસ્પિટલમાં રેટિના ક્લિનિકનો શુભારંભ

**રોટરી ક્લબ મુંબઈ-નોર્થની રૂ. ૭૫ લાખની સહાય :**

ભાવનગરની અંધઉદ્યોગ શાળા ખાતે કાર્યરત, PNR હોસ્પિટલ વર્ષોથી વિકલાંગો અને સમધારણ લોકો માટે મોતિયાના ઓપરેશન, કપાયેલાં હોઠ, તાળવામાં કાણું, ત્રાંસી આંખ, ગ્લુકોમા વિગેરે જેવી સેવાઓ આપી રહી છે. સંસ્થાનો હેતુ શહેરમાં સાર્વજનિક આરોગ્ય વિષયક સેવાઓનો વિસ્તાર કરવાનો છે. જિલ્લાભરના દર્દીઓ માટે આંખના રોગોના ઉપચારનું કામ અહીં થઈ રહ્યું છે, પરંતુ રેટિનાના રોગો માટે સેવાનો અભાવ હતો. જેથી તા. ૩૧ જૂલાઈ, '૨૫ ના રોજ રોટરી ક્લબ ઓફ મુંબઈ-નોર્થના રૂ. ૭૫ લાખના યોગદાનથી, રેટિના ક્લિનિક વિભાગનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેથી આંખના પડદાની લોહીની નસોનુ બ્લૉકેજ, રેટિનોપથી, અંધત્વ વિગેરેનું ચોક્કસ નિદાન અને સારવાર શક્ય બનશે.

BAPS સંસ્થાના અક્ષર મંદિર, ભાવનગરના કોઠારી પૂજ્યશ્રી યોગ વિજય સ્વામીજી તથા શ્રી ત્યાગરાજ સ્વામીના આશીર્વાદ, આ શુભારંભ પ્રસંગે પ્રાપ્ત થયાં હતાં. આગેવાન ડો. શ્રી નિલેશભાઈ પારેખ, ડો. આશિષ ખોડિફાડ, ડો. હરિઓમ શર્મા, ડો. જીજ્ઞાબેન શાહ, ડો. પાયલબેન અરોરા, ડો. હર્ષાબેન મહેશ્વરી, હોસ્પિટસલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, સ્થાપક શ્રી બાબાભાઈ, શ્રી લાભુભાઈ સોનાણી તથા ટ્રસ્ટીગણ વગેરેની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો



# દિશા કમ વિકાસ પ્રોજેકટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**વૉકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત જૂન માસ દરમ્યાન બાળકોને પ્રિ- વૉકેશનલ એક્ટિવિટીમાં બાળકોને સુગંધિત સ્પ્રેનું પેકિંગ, ધૂપ સ્ટિકનું પેકિંગ તથા સાબુનું પેકિંગ, કરતા શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેકટ કમિટી મિટીંગ :**

તા. ૨૨-૭-'૨૫ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની લોકલ કમિટી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઓગસ્ટ માસમાં આવતા તહેવારો જેવા કે રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિવસ, જન્માષ્ટમી વગેરેની શાળામાં ઉજવણી કરવા બાબત તેમજ વાલીઓની સમસ્યાઓનો ઉકેલ કરવામાં આવ્યો હતો. કુલ 30 વાલી હાજર રહ્યાં હતાં.

**એ.ડી.એલ. સેમિનાર :**

તા. ૨૨-૭-'૨૫ ના રોજ પ્રોજેકટ અંતર્ગત શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા એ. ડી. એલ. વિશે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં પી.પી.ટી ના મધ્યમથી બાળકને કપડાં પહેરવા, બ્રશ કરવું, ટોઈલેટ ટ્રેનિંગ, પાણી પીવું, જમવું તેમજ બાળકને ઘરમાં તેમજ બહાર લઈ જાવ ત્યારે કેવી રીતે બાળકને એ.ડી.એલ. ટ્રેનિંગ આપવી વગેરે વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડી, વાલીઓની સમસ્યાઓનો ઉકેલ લાવ્યાં હતાં.

**પ્રોજેક્ટનું ઈન્સ્પેકશન :**

તા. ૨૨-૭-'૨૫ ના રોજ નેશનલ ટ્રસ્ટ અંતર્ગત, પી.એન.આર. સોસાયટી સંચાલિત દિશા કમ વિકાસ પ્રોજેકટ ચલાવવામાં આવે છે. જે પ્રોજેક્ટનું ઇન્સ્પેક્શન નેશનલ ટ્રસ્ટ વતી, અમદાવાદથી CRC સેન્ટરના સ્ટાફ દ્વારા ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટની વિવિધ માહિતી વિગતવાર મેળવી તથા દરેક વાલીઓ, તેમજ સ્ટાફ પાસેથી પ્રોજેકટનો રિવ્યુ મેળવ્યો હતો તથા વર્ગના દરેક બાળકો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિના વિડિયો તથા ફોટોગ્રાફસ લીધાં હતાં. આ ઉપરાંત સંસ્થા દ્વારા ચાલતા અન્ય પ્રોજેક્ટની માહિતી મેળવ્યાં બાદ, પ્રોજેકટ અંતર્ગત આવતા બધા બાળકોની પર્સનલ ફાઈલની વિગત મેળવી અને અંતમાં સ્ટાફ સાથે ગૃપ ફોટોગ્રાફસ લીધાં હતાં.

# દિવંગતના આત્મશ્રેયાર્થે ભૂલકાંઓને આઈસ્ક્રિમ



અશ્વિનભાઈ શાહ

સ્વ . અશ્વિનભાઈ કનૈયાલાલ શાહના જન્મદિવસ નિમિત્તે PNR અને અન્ય સંલગ્નિત સંસ્થાઓના ૮૦૦ ઉપરાંત સમધારણ તથા દિવ્યાંગ બાળકોને તા. ૮-૮-૨૦૨૪ના રોજ આઈસ્ક્રિમ આપવામાં આવ્યો હતો. દિવંગત સ્વ. અશ્વિનભાઈના સ્વજનો સર્વશ્રી ભાવનાબેન, ગૌરવભાઈ, સ્નેહલ, વેદ, ભૂમિબા રાજદીપસિંહ ગોહિલ, પ્રિન્સ અને હનિબા બાળકો સાથે ઉજવણીમાં સામેલ થયાં હતાં.



# અંબા સી.પી. હોસ્ટેલ

## જૂલાઈ-ઓગસ્ટ-૨૦૨૫

લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવ્યો હતો.**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૬-૭ ના રોજ શ્રી હર્ષિલભાઈ વંકાણી...
- તા. ૧૭-૭ના રોજ શ્રી હરેશભાઈ કે. શાહ...
- તા. ૨૦-૭ના રોજ શ્રી પંકજભાઈ બારૈયા...
- તા. ૨૧-૭ના રોજ શ્રી ચેતનભાઈ સરવૈયા...
- તા. ૨૫-૭ના રોજ શ્રી વસંતભાઈ પારેખ...
- તા. ૨૭-૭ના રોજ સ્વ. મીનાબેન પંકજભાઈ રાજ્યગુરૂ...
- તા. ૨૯-૭ના રોજ શ્રી અરૂણાબેન ચૌહાણ...
- તા. ૩૦-૭ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૫-૮ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૬-૮ના રોજ સ્વ. રતિલાલ કુંવરજીભાઈ હરસોરા...
- તા. ૦૯-૮ના રોજ સ્વ. ધર્મેશભાઈ હકાણી...

### નાસ્તો

- તા. ૨૨-૭ના રોજ શ્રી અલ્પાબેન દિહોરા...
- તા. ૨૫-૭ના રોજ શ્રી હરેશભાઈ ડોડિયા...
- તા. ૨૭-૭ના રોજ શ્રી ગંભીરસિંહ વાઘેલા...
- તા. ૨૮-૭ના રોજ શ્રી સમીરભાઈ શાહ...
- તા. ૦૨-૮ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૩-૮ના રોજ એક શુભેચ્છક...
- તા. ૦૬-૮ના રોજ શ્રી પંકજકુમાર હર્ષદરાય શાહની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે. ધરતીબેન શાહ
- તા. ૦૭-૮ના રોજ શ્રી યશભાઈ પલાણી...
- તા. ૦૮-૮ના રોજ શ્રી ભાવનાબેન શાહ તરફથી સ્વ. અશ્વિનભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે...
- તા. ૧૧-૮ના રોજ શ્રી કુલદીપસિંહ જાડેજા...

**સમાચાર**

- તા. ૨૫-૭ના રોજ હોસ્ટેલના બાળકોએ ઘંટાકર્ણ મહાવીર સ્વામીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.
- તા. ૦૯-૮ના રોજ રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના સ્વયં સેવકો સાથે, હોસ્ટેલના બાળકોએ રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ગજાનંદ ભટ્ટ



**શાળાના શ્રવણમંદ ભૂલકાંઓનો શ્રવણયંત્ર વિતરણ કાર્યક્રમ :**

શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ, ભાવનગર ખાતે, શ્રીમતી હસુમતીબેન શાહ હીયરીંગ એઇડ કોર્પસ ફંડના વ્યાજમાંથી દર વર્ષે શાળામાં નવા પ્રવેશ પામેલ શ્રવણમંદ ભૂલકાઓને શ્રવણયંત્ર વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૨-૮ના રોજ સંસ્થાના મહાવીર ઓડિટોરિયમ ખાતે શાળામાં નવા પ્રવેશ પામેલ ૧૭ ભૂલકાંઓને શ્રવણયંત્રની ભેટ,

મુખ્ય દાતા પરિવારના શ્રીમતી ચેતનાબેન કોઠારી (પૂર્વ આચાર્ય, શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા) ના વરદ્ હસ્તે તથા ડો. શૈલાબેન શાહ તરફથી પણ ૮ ભૂલકાંઓને શ્રવણયંત્રની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે તથા શિક્ષકગણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે કોર્પસ ફંડ વધારવાના હેતુથી આનન કેમિકલ તરફથી હસ્તે શ્રીમતી ચેતનાબેન કોઠારી દ્વારા રૂ. ૫૦,૦૦૦/-, ડો. લક્ષ્મી ગુરુમુખાણી તરફથી રૂ. ૧૦,૦૦૦/- તથા શ્રી ભાવનાબેન જાની (જાની આર્કિટેક) તરફથી રૂ. ૫,૦૦૦/- એમ કુલ રૂ. ૬૫,૦૦૦/- ની રકમ પોતાના તરફથી આપવાની જાહેરાત કરી, જે સૌએ સહર્ષ વધાવી હતી. આભારવિધિશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ તથા પ્રોજેક્ટ સંકલન તથા ઉદ્‌ઘોષણા શ્રી વૈશાલીબેન શુક્લએ કરી હતી.

**બોરતળાવનો પ્રવાસ :**

ગુજરાતના ભાવનગર શહેરમાં આવેલું એક પ્રસિધ્ધ ઐતિહાસિક તળાવ એટલે બોરતળાવ. આ તળાવ માત્ર ભાવેણાની જનતા માટે પાણીનો સ્ત્રોત નથી, પણ ભાવેણાના અન્ય આકર્ષણોમાંનું એક એટલે બોરતળાવ.

આવા અદ્‌ભૂત પ્રાકૃતિક સૌદર્ય સ્થાનનો પ્રવાસ કરવાનો મોકો પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને મળ્યો. તા. ૨૩/૭ ના રોજ શાળા સમય દરમિયાન જ બાળકોને આ ઐતિહાસિક સ્થળ જોવાનો લ્હાવો મળ્યો. જ્યાં બાળકોએ તળાવ આસપાસની હરિયાળી અને બગીચા જોયા. આ ઉપરાંત સ્થાપનાથ મહાદેવના દર્શન કર્યા. અને તેના પટાંગણમાં દોરડા ખેંચ, ઊભી ખો, બેઠી ખો, ચક્ર ફેંક, ફૂલ રેકેટ જેવી વિવિધ રમતો રમવાની મજા માણી, સાથે સમોસા-ચટણી અને સીંગ-રેવડી તો ખરા જ. આખો દિવસ ભરપૂર મજા કરી, સાંજે શાળામાં પરત ફર્યા. આ સમગ્ર પ્રવાસ સાકાર કરવા માનદ્ મંત્રીશ્રી, આચાર્યશ્રી અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**રોટરેક્ટ ક્લબ દ્વારા રક્ષાબંધનની ઉજવણી :**



પ્રાથમિક શાળામાં તા. ૨-૮ ના રોજ રોટરેક્ટ ક્લબના સભ્યોએ શ્રવણમંદ બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. જેમાં નર્સરીથી ધો. ૪ સુધીના બાળકોને જુદી-જુદી રમતો જેવી કે, ફુગ્ગા ફૂલવવા, ફુગ્ગા સાથે બેલેન્સ બનાવવું, કપમાં રિંગ નાખવી, પંજાની રમત જેવી જુદી-જુદી રમતો રમાડીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં રોટરેક્ટ ક્લબના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીની હાજરી પ્રેરક રહી હતી. આમ આનંદદાયી શનિવાર સાથે રક્ષાબંધનની ઉજવણી પણ આનંદદાયી રીતે ઉજવાઈ હતી.

**રક્ષાબંધન પર્વની ઉજવણી :**

પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી શાળાના મહાવીર ઓડિટોરિયમમાં શાળામાં ભણતા શ્રવણમંદ સગા ભાઈ-બહેનને સ્ટેજ પર રક્ષાબંધન પર્વની ઉજવણી માટે બોલાવીને સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત બોર્ડ પર રક્ષાબંધન વિશે લેખિત સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા તેમજ સૌ કર્મવીરોએ ઉજવણીને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.



**વાલી સભા :**

પ્રાથમિક શાળામાં ભણતા નર્સરીથી ધો. ૨ સુધીના બાળકો અને તેના વાલીઓની તા. ૧૩-૮ ના રોજ વાલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વાલી સભામાં શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, તેમજ નિવૃત્ત મદદનિશ શિક્ષક શ્રી દક્ષાબેન સવજીયાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે બાળકોના વિકાસમાં ઉપયોગી મધર ટ્રેનિંગ વિશે માહિતી આપી હતી. અને બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે માતાઓને તાલીમની તાતી જરૂરિયાતનું મહત્વ સમજાવ્યું હતું.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



ધ્રુવીબેન ચાવડા

**'કલેક્ટરશ્રીના નિવાસસ્થાને રક્ષાબંધનની ઉજવણી' :**

તા. ૯-૮ ના રોજ શાળાની નર્સરીથી ધો. ૧૨ની મૂકબધિર દિવ્યાંગ દીકરીઓને ભાવનગર કલેક્ટરશ્રી ડો. મનીષકુમાર બંસલ સાહેબના નિવાસ સ્થાનની મુલાકાતનું તથા તેમના નિવાસ સ્થાને રક્ષાબંધન પર્વની ઉજવણીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષક મિત્રો, છાત્રાલયના ગૃહમાતા, સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈ શાહ તથા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું ઇન્ટરપ્રિટીંગ શિક્ષક શ્રી જ્યોતિબેન બારૈયાએ કર્યું હતું.

માનનીય કલેક્ટર સાહેબશ્રી તથા તેમના સર્વે કુટુંબીજનો શ્રવણમંદ દીકરીઓને મળીને ખૂબ ભાવવિભોર બન્યાં હતાં. કલેક્ટરશ્રી તથા તેમના પરિવારજનો દ્વારા શ્રવણમંદ દીકરીઓ પર ફૂલવર્ષા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કલેક્ટરના સ્ટાફ દ્વારા બેઠક વ્યવસ્થા, પાણી વગેરેનું ખૂબ જ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. તથા કલેક્ટર સાહેબશ્રી અને તેના પરિવારજનોએ દીકરીઓને મનગમતો નાસ્તો કરાવ્યો હતો.

આ ઉપરાંત માનનીય કલેક્ટરશ્રી તથા તેમના ધર્મપત્નિ દ્વારા પોતાના નિવાસસ્થાનની વિઝીટ કરાવવામાં આવી હતી., આ જોઈને શ્રવણમંદ દીકરીઓ ખૂબ જ ખુશ થઈ હતી.

શાળાની શ્રવણમંદ દીકરીઓએ ભાવનગર કલેક્ટરશ્રીને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે, તેમના પરિવારજનો સાથે સર્વેને રક્ષાસૂત્ર બાંધી, રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી તથા રાષ્ટ્ર રક્ષકોને, ઓપરેશન સિંદુર વિજય માટે આભાર વ્યક્ત કરતાં પત્રો, શાળાના તમામ વિદ્યાર્થીઓ તથા તમામ સ્ટાફ અને મેનેજમેન્ટ દ્વારા લખાયેલ પત્રો કલેક્ટર સાહેબશ્રીને સુપ્રત કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર આયોજન સંસ્થાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડ્યાના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું હતું.

**'સ્વનિર્મિત રક્ષાસૂત્ર કાર્યક્રમ' :**

ધો. ૯ થી ૧૨ ની મૂકબધિર દિવ્યાંગ વિદ્યાર્થીનીઓએ,



શિક્ષકશ્રી ધ્રુવીબેન ચાવડા, શ્રી પ્રિયંકાબેન પંડયા, શ્રી અનુપાબેન શાહ, વાલીમાતા શ્રી કિંજલબેન કોઠારીના માર્ગદર્શન સાથે, બજારમાંથી તૈયાર રાખડી ખરીદવાને બદલે મૂક-બધિર દિવ્યાંગ દીકરીઓ જાતે રાખડી બનાવે, તે હેતુસર એક દિવસનો રક્ષાસૂત્ર બનાવવાનો વર્કશોપ કરવામાં આવેલ. જેમાં સૌ પ્રથમ બજારમાંથી લાવેલ રો મટીરિયલ્સ-દોરા, મોતી, સ્ટોન, સોય વગેરે આપી, તેઓની પોતાની કલ્પના મુજબની આકર્ષક રાખડી બનાવવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં ધો. ૯ અને ધો. ૧૧ ની દીકરીઓએ શિક્ષકશ્રીઓના માર્ગદર્શન મુજબ ખૂબ જ સરસ રાખડી બનાવી હતી.

આ સ્વનિર્મિત રાખડીમાં બહેનનો લાગણીનો ભાવ પણ સામેલ હોય છે. આવી સ્વનિર્મિત રાખડીઓ I.G.P. ઓફિસે પોલીસ કર્મચારી અને કલેક્ટરશ્રીને કરકમળે બાંધી આશીર્વાદ મેળવ્યાં હતાં.

**'I.G.P. કચેરી ખાતે શ્રવણમંદ વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધનની ઉજવણી' :**

શાળાની ધો. ૧૦ અને ધો. ૧૧ ની વિદ્યાર્થીનીઓએ તા. ૮/૮૨૫ ના રોજ I.G.P. કચેરી ખાતે, ભાવનગર જિલ્લા I.G.P. શ્રી ગૌતમકુમાર પરમાર સાહેબ અને I.G.P. કચેરીના તમામ સ્ટાફને રક્ષાસૂત્ર બાંધીને રાષ્ટ્રના રક્ષક અને સમાજના સંરક્ષક એવા તમામ પોલીસ અધિકારીઓના કાર્યોને વંદન કરી, શુભેચ્છાઓ પાઠવી હતી. કચેરીના વિવિધ વિભાગોની મુલાકાત અને દરેક વિભાગ વિશેની સમજ P.A. શ્રી વિરેન્દ્રસિંહે આપી હતી.

શાળાના માનદ્ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાના માર્ગદર્શનથી, શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમમાં સાઈન લેંગ્વેજમાં ઇન્ટરપ્રિટીંગ શાળાના શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ તથા શ્રી જ્યોતિબેન બારૈયાએ કરેલ હતું. આ ઉપરાંત શાળાની દીકરીઓ પાસે રાખડી બનાવવાનું કામ શ્રી જ્યોતિબેન બારૈયા, શ્રી ધ્રુવીબેન ચાવડા, શ્રી અનુપાબેન શાહ તથા શ્રી પ્રિયંકાબેન પંડયાએ કરાવેલ હતું. તથા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રી કેતનભાઈએ ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરી હતી.

**'૧૦ ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસ' :**

શાળા ખાતે તા. ૧૦-૮-'૨૫ ના રોજ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શન દ્વારા શાળાના દિવ્યાંગ બાળકો દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં શિક્ષક શ્રી હિતેશભાઈ વ્યાસ દ્વારા વિશ્વ સિંહ દિવસની સમજૂતી આપી હતી. જેનું ઇન્ટરપ્રિટીંગ શિક્ષક શ્રી જ્યોતિબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું. એશિયાઇ સિંહ જે આપણા ગીરના જંગલોમાં જોવા મળે છે, તેમની વસ્તી ઓછી થયાના કારણો જણાવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત દિવ્યાંગ બાળકોને સિંહના રક્ષણ અને જતનની પ્રતિજ્ઞા લેવડાવી હતી. લોક જાગૃતિ માટે સિંહના મહોરા સાથે, સૂત્રો દ્વારા રેલી કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમને શાળાના તમામ શિક્ષકોના પ્રયત્નોથી સફળ બનાવવામાં આવ્યો હતો.

**'ઓપરેશન સિંદુર-જવાનોને આભાર પત્ર' :**

ભાવનગર જિલ્લા કલેકટર સાહેબ શ્રી ડો. મનીષકુમાર બંસલના વિડીયોના આધારે, તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના આદેશ અનુસાર, મૂકબધિર વિદ્યાર્થીઓએ ઓપરેશન સિંદુરના જવાનોને આભાર વ્યક્ત કરતા પત્રો લખેલ. જેમાં ધો. ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રોએ પોતાની આગવી શૈલીમાં પત્રો લખેલ. શાળાના તમામ વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન અનુસાર જવાનોને આભાર વ્યક્ત કરતાં પત્રો લખેલ છે. જેમાનો એક નમૂનો આ સાથે જોડેલ છે.

"પ્રતિ,
ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ,

વિષય : ઓપરેશન સિંદુરમાં સંદર્ભે જવાનોને વંદન અને આભાર દર્શન...

આદરણીય રાષ્ટ્રિય યોધ્ધાઓ,

પાકિસ્તાન દ્વારા ઘણા દાયકાથી ચાલતી આંતકી પ્રવૃત્તિથી દેશ ત્રસ્ત છે જ. એમાં પણ ૨૫ એપ્રિલે, પહલ ગામમાં પ્રવાસી પર થયેલ અમાનવીય હુમલાએ દેશને હચમચાવી મૂકેલ. અમે સૌ ખુબ જ દુ:ખી થયાં હતાં અને સાથે-સાથે એક રોષ પણ હતો. બસ હવે બહુ થયું.. હવે તો એમને આપણી તાકાત બતાવવી જ પડશે.

આમ તો અમે સૌ શ્રવણમંદ (deaf) છીએ. સાંભળી નથી શકતા પણ જોઈ શકીએ છીએ. પહેલગામ હુમલાના દ્રશ્યો જોઈ અમને પણ કંપારી છૂટી ગયેલી. અમે રાહ જોતાં હતાં કે આપ ક્યારે આનો બદલો લેશો.

ત્યાં ૭ મેની સવારે ખબર પડી કે આપે પાકિસ્તાનની અંદર આવેલા આંતકીઓના કેમ્પ જ મિસાઇલ હુમલાની ધ્વસ્ત કરી નાખ્યાં છે. અમે સૌ deaf મિત્રોએ કુદકાં મારીને આ બદલાની ઉજવણી કરી હતી. આપે આંતકી હુમલામાં સ્ત્રીઓના ભૂંસાયેલા સિંદુરનો બદલો, ઓપરેશન સિંદુરથી લીધો તે દેશવાસીઓના હદય પણ પહોંચેલા ઘાવ માટે મલમરૂપ સાબિત થયો હતો.

સેનાની ત્રણેય પાંખના જવાનોનો અમે આભાર માનીએ છીએ. આપના સાહસ, શૌર્ય અને સંકલ્પના કારણે જ છુપા દુશ્મનોથી ઘેરાયેલો આપણો ભારત દેશ અને દેશના નાગરિકો સુરક્ષિત છે. અમે સૌ દિવ્યાંગ બાળકો આપને ખરા હદયથી વંદન અને નમન કરીએ છીએ.

ઈશ્વર આપને વધુને વધુ શક્તિ આપે અને આપ તંદુરસ્ત રીતે નિવૃત્તિ બાદ આપના પરિવાર સાથે સમય વિતાવો એવી ઈશ્વરને પ્રાર્થના."

આપની વિદ્યાર્થીની – હિરલ બારૈયા, ધો. ૧૧-B
શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા (deaf) શાળા, ભાવનગર.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોષી

- તા. ૨૫-૭ ના રોજ શ્રાવણ માસની શરૂઆત થતાં, છાત્રાલયના બાળકો શિવભક્તિમાં લીન થઈ ગયા. બાળકોએ પોતાના વિભાગમાં જ શિવજીના ફોટાનું સ્થાપન, કરી શિવજીની પૂજા બિલીપત્ર ચડાવીને કરી હતી. દર સોમવારે ઘણાં બાળકો ઉપવાસ કરે છે. તેમજ તેમની પસંદગીનું ફળાહાર કર્યું હતું.
- તા. ૪-૮ ના રોજ છાત્રાલયના બધા જ બાળકોને તખ્તેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરવા લઈ ગયાં હતાં. બાળકોએ શિવજીના દર્શન કરી, કુદરતી સૌંદર્યની મોજ માણી હતી.
- તા. ૯-૮ ના રોજ રક્ષાબંધનની અનોખી ઉજવણી કરવામાં આવેલ. બહેન-ભાઈની રક્ષા માટે રાખી બાંધી અંતરમનથી સુખાકારીની પ્રાર્થના કરતી હોય છે. સાથે પરિવારમાં પણ ભાઈ-બહેન, વડીલ, મિત્રો, અરસ-પરસ રાખી બાંધી સુખાકારી શુભેચ્છા પાઠવતા હોય છે.
- ૧૨-૮ ના રોજ કમિશનર શ્રી ભાવનગર મહાનગરપાલિકા ડોક્ટર નરેન્દ્રકુમાર મીના સાહેબના પરિવાર તરફથી સંસ્થાના બાળકોને મીઠાઇ ફરસાણ સાથે ભોજન કરાવવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઇ શાહ, માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મિતાબેન ઓઝા, શ્રી બિન્દીબેન અને ગૃહમાતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બાળકોને ખૂબ જ ભાવપૂર્વક ભોજન કરાવ્યું હતું અને કમિશનર સાહેબ તથા તેમના ધર્મપત્નીએ બાળકોને ભોજન પિરસ્યું હતું. બાળકોએ પણ ખૂબ જ આનંદપૂર્વક ભોજન કર્યું અને સાથે બાળકોએ પોતેજ બનાવેલી નાનકડી ગિફ્ટ કમિશનર સાહેબને આપી હતી.
- આવો જ ઉત્સવ બહેરાં-મૂંગા શાળાની હોસ્ટેલના પટાંગણમાં પણ કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થી બહેનોએ વિદ્યાર્થીભાઇઓને રાખી બાંધી અને ગળ્યું મોં કરાવી અને ભાઇઓએ બહેનોને નાની-મોટી ગિફ્ટ આપી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.
- બ્રહ્મકુમારી વિશ્વ વિદ્યાલયના બહેનોએ છાત્રાલયના બધાજ બાળકો તથા સ્ટાફને રક્ષાબાંધી, પરમ કૃપાળુ પરમાત્મા વિશે વાત કરી, અને બાળકોને શુભાશિષ આપ્યાં હતાં.
- ડો. જીજ્ઞાબેન શાહ અને રૂપલબેન શાહ દ્વારા પણ હોસ્ટેલના વિદ્યાર્થી બહેનોએ, હોસ્ટેલના વિદ્યાર્થી ભાઈઓને રાખી બાંધી અને મીઠું મોં કરાવ્યું હતું. આ પ્રસંગે હોસ્ટેલ કમિટીના ચેરપર્સન શ્રી મિતાબેન ઓઝા ઉપસ્થિત રહ્યાં હતાં.
- શ્રી મહાસુખભાઈ જકડિયા ટ્રસ્ટીશ્રીએ, શ્રી મીતાબેન, ગૃહમાતા શ્રી સ્નેહાબેન, શ્રી હેતલબેન, શ્રી સંગીતાબેનને રક્ષાબાંધીને પ્રોત્સાહિત કર્યા હતાં અને કાર્યક્રમનું સફળ સંચાલન કરવા બદલ ધન્યવાદ પાઠવ્યાં હતાં.
- રક્ષાબંધનના દિવસે દાતાશ્રી તરફથી બાળકોને મીઠાઇ, ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું. સંસ્થાની બાળાઓએ દાતાશ્રી તથા શ્રી મહાસુખકાકાને રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું.

માસ દરમિયાન દાતાશ્રીઓ તરફથી તેમના સ્વજનના જન્મદિવસ તેમજ સ્મરણાર્થે બાળકોને મીઠાઇ, ફરસાણ સાથે ભોજન કરાવવામાં આવ્યું હતું.

# વરિષ્ઠ ઓલિમ્પિક મશાલ ધાવક-શિગેકો કાગાવા

જાપાનના આરોગ્ય, શ્રમ, અને કલ્યાણ મંત્રાલય અનુસાર, ૧૧૪ વર્ષીય મિયોકો હિરોયાસુના અવસાન બાદ, નારા પ્રિફેક્ચરના ૧૧૪ વર્ષીય નિવૃત્ત ચિકિત્સક, શિગેકો કાગાવા જાપાનના સૌથી વૃધ્ધ જીવિત વ્યક્તિ બન્યાં છે. 'જાપાનના અસાધારણ દીર્ઘાયુષ્ય' ના પ્રતીક, કાગાવા, બીજા વિશ્વ યુધ્ધ પહેલાં મેડિકલ સ્કૂલમાંથી સ્નાતક થયા હતા, યુધ્ધ દરમિયાન ઓસાકાની એક હોસ્પિટલમાં સેવા આપી હતી અને બાદમાં

પ્રસુતિશાસ્ત્રી અને સ્ત્રીરોગ વિજ્ઞાની તરીકે તેમના પરિવારનું ક્લિનિક ચલાવતા હતાં. તેણી ૮૬ વર્ષની ઉંમરે નિવૃત્ત થઈ. ૧૦૯ વર્ષની ઉંમરે, કાગાવા ટોક્યો-૨૦૨૧ મશાલ રિલે દરમિયાન, ઓલિમ્પિક ઇતિહાસમાં સૌથી વૃદ્ધ મશાલ ધારકોમાંની એક બની હતી. તેણી સ્વસ્થ રહેવા માટે સામાન્ય કરતાં કંઈ વધુ કરી રહી નથી, ટેલિવિઝન ન્યૂઝે ગયા અઠવાડિયે તેના પરિવારને ટાંકીને જણાવ્યું હતું કે, 'તેણી નિયમિત દિનચર્યા રાખે છે, સુવા જાય છે અને નિર્ધારિત સમયે જાગે છે. તે નાના ભાગોમાં ખાય છે, પરંતુ હંમેશા દિવસમાં ત્રણ વખત યોગ્ય ભોજન લે છે.'

સૌજન્ય : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય



- તા. ૨૫-૭ ના રોજ શ્રાવણ માસની શરૂઆત થતાં, છાત્રાલયના બાળકો શિવભક્તિમાં લીન થઈ ગયા. બાળકોએ પોતાના વિભાગમાં જ શિવજીના ફોટાનું સ્થાપન, કરી શિવજીની પૂજા બિલીપત્ર ચડાવીને કરી હતી. દર સોમવારે ઘણાં બાળકો ઉપવાસ કરે છે. તેમજ તેમની પસંદગીનું ફળાહાર કર્યું હતું.
- તા. ૪-૮ ના રોજ છાત્રાલયના બધા જ બાળકોને તખ્તેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરવા લઈ ગયાં હતાં. બાળકોએ શિવજીના દર્શન કરી, કુદરતી સૌંદર્યની મોજ માણી હતી.
- તા. ૯-૮ ના રોજ રક્ષાબંધનની અનોખી ઉજવણી કરવામાં આવેલ. બહેન-ભાઈની રક્ષા માટે રાખી બાંધી અંતરમનથી સુખાકારીની પ્રાર્થના કરતી હોય છે. સાથે પરિવારમાં પણ ભાઈ-બહેન, વડીલ, મિત્રો, અરસ-પરસ રાખી બાંધી સુખાકારી શુભેચ્છા પાઠવતા હોય છે.
- ૧૨-૮ ના રોજ કમિશનર શ્રી ભાવનગર મહાનગરપાલિકા ડોક્ટર નરેન્દ્રકુમાર મીના સાહેબના પરિવાર તરફથી સંસ્થાના બાળકોને મીઠાઈ ફરસાણ સાથે ભોજન કરાવવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મિતાબેન ઓઝા, શ્રી બિન્દીબેન અને ગૃહમાતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બાળકોને ખૂબ જ ભાવપૂર્વક ભોજન કરાવ્યું હતુ અને કમિશનર સાહેબ તથા તેમના ધર્મપત્નીએ બાળકોને ભોજન પિરસ્યું હતું. બાળકોએ પણ ખૂબ જ આનંદપૂર્વક ભોજન કર્યું અને સાથે બાળકોએ પોતેજ બનાવેલી નાનકડી ગિફ્ટ કમિશનર સાહેબને આપી હતી.
- આવો જ ઉત્સવ બહેરાં-મૂંગા શાળાની હોસ્ટેલના પટાંગણમાં પણ કરવામાં આવેલ. જેમાં વિધાર્થી બહેનોએ વિધાર્થીભાઈઓને રાખી બાંધી અને ગળ્યું મોં કરાવી અને ભાઈઓએ બહેનોને નાની-મોટી ગિફ્ટ આપી રક્ષાબંધનની ઉજવણી કરી હતી.
- બ્રહ્મકુમારી વિશ્વ વિદ્યાલયના બહેનોએ છાત્રાલયના બધાજ બાળકો તથા સ્ટાફને રક્ષાબાંધી, પરમ કૃપાળુ પરમાત્મા વિશે વાત કરી, અને બાળકોને શુભાશિષ આપ્યાં હતાં.
- ડો. જીજ્ઞાબેન શાહ અને રૂપલબેન શાહ દ્વારા પણ હોસ્ટેલના વિધાર્થી બહેનોએ, હોસ્ટેલના વિધાર્થી ભાઈઓને રાખી બાંધી અને મીઠું મોં કરાવ્યું હતું. આ પ્રસંગે હોસ્ટેલ કમિટીના ચેરપર્સન શ્રી મિતાબેન ઓઝા ઉપસ્થિત રહ્યાં હતાં.
- શ્રી મહાસુખભાઈ જકડિયા ટ્રસ્ટીશ્રીએ, શ્રી મીતાબેન, ગૃહમાતા શ્રી સ્નેહાબેન, શ્રી હેતલબેન, શ્રી સંગીતાબેનને રક્ષાબાંધીને પ્રોત્સાહિત કર્યા હતાં અને કાર્યક્રમનું સફળ સંચાલન કરવા બદલ ધન્યવાદ પાઠવ્યાં હતાં.
- રક્ષાબંધનના દિવસે દાતાશ્રી તરફથી બાળકોને મીઠાઇ, ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું. સંસ્થાની બાળાઓએ દાતાશ્રી તથા શ્રી મહાસુખકાકાને રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું.

માસ દરમિયાન દાતાશ્રીઓ તરફથી તેમના સ્વજનના જન્મદિવસ તેમજ સ્મરણાર્થે બાળકોને મીઠાઇ, ફરસાણ સાથે ભોજન કરાવવામાં આવ્યું હતું.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
# કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

✍ અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)



- જૂલાઈ માસમાં ભાવનગરમાં સ્થાનિકકક્ષાએ કુલ ૧૦૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૧ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખો હાથ-૧, અડધા પગ-૩, ની-બ્રેસ-૨૨, હેન્ડ સ્પીલન્ટ-૩, નાઈટ સ્પાઇનલ ઓર્થોસીસ-૧, અન્ય-૫૯, એ.એફ.ઓ.-૨૩, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૯ એમ કુલ-૧૨૧ સાધનો આપવામાં આવ્યાં હતાં.
- જૂલાઈ માસમાં તા. ૨૭-૭ રવિવારના રોજ એક લોકલ કેમ્પનું આયોજન વર્કશોપમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯ લાભાર્થીઓને ૨૦ જુદા-જુદા સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જેમાં આખા પગ-૮, અડધા પગ-૧૦ તેમજ ૪ અન્ય સાધનો પૂરાં પાડવામાં આવેલ હતાં. આ કેમ્પમાં સંસ્થાના પી. એન્ડ ઓ. ડો. મિલનભાઈ નકુમે હાજરી આપી, લાભાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું, તેમજ લાભાર્થીઓને જરૂરી સૂચનો કરી, યોગ્ય સલાહ પૂરી પાડી હતી.



- તેમજ જુલાઈ માસમાં ની-બ્રેસનો એક કેમ્પ જલંધર પંજાબમાં યોજાયો હતો, જેમાં ૯૪ ની-બ્રેસ પૂરી પાડવામાં આવી હતી



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
# (હીયરિંગ ઇમ્પેર્ડ)

✍ ડૉ. ધવલ વ્યાસ



## યુનિવર્સિટીની પરીક્ષાનું ૧૦૦% પરિણામ :





શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજનાં B.Ed.Spl.Ed.(HI) અભ્યાસક્રમનાં બીજા વર્ષની બેચ ૨૦૨૩-૨૫ના તાલીમાર્થીઓની મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ સેમેસ્ટર-૪ની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવેલ છે. જેમાં ૯૧.૨૭% સાથે પારુલ ગળાથિયાએ પ્રથમ ક્રમાંક, ૮૬.૯૧% સાથે રીંકલ ભેડાએ દ્વિતીય ક્રમાંક અને ૮૬.૧૮% સાથે શ્વેતા ભલગામિયાએ તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. જે માટે સંસ્થા પરિવારે ઉત્તીર્ણ થયેલાં સૌ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## વિશિષ્ટ શાળામાં ઇન્ટર્નશીપ :



અભ્યાસક્રમના ભાગ સ્વરૂપે, B.Ed.Spl.Ed.(HI) કોર્સના સેમેસ્ટર-૩નાં તાલીમાર્થીઓને વિશિષ્ટ શાળાની ઇન્ટર્નશિપ તા. ૧૪-૭ થી ૫-૮ દરમિયાન શ્રી શાહ કે.એલ. ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ (પ્રાથમિક શાળા), ભાવનગર ખાતે

ગોઠવી હતી. આ ઇન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓ વર્ગખંડના વિદ્યાર્થીઓની હાજરી લેવી, TLM બનાવવાં, પાઠ લેવાં, વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું-તેમાં ભાગ લેવો, શાળાના શિક્ષકોને દૈનિક શૈક્ષણિક કાર્યોમાં મદદ કરવી, અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું અવલોકન કરવું, વિદ્યાર્થીઓના ગૃહકાર્યો તપાસવા, વગેરે જેવા કાર્યો કરવામાં આવ્યાં હતાં.

**વિદ્યાર્થીઓની મુલાકાત :**



તા. ૫-૮ ના રોજ ભાવનગર ખાતેની જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિ.નાં આર્ટસ વિભાગનાં લગભગ ૮૦ વિદ્યાર્થીઓ અને ૪ ફેકલ્ટીશ્રીઓએ સંસ્થાની મુલાકાત લીધી હતી. તે દરમિયાન તેઓએ શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજને પણ નિહાળી હતી. કૉલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલભાઇ વ્યાસે મુલાકાતીઓને કોલેજમાં ચાલતાં અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપી હતી. ઉપરાંત, વર્તમાન સમયમાં વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીની તકો રહેલી છે, તેની પણ વાત કરી હતી.

**મહારાણીશ્રી નંદકુંવરબા મહિલા આર્ટસ અને કોમર્સ કૉલેજના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓની મુલાકાત :**

તા. ૬-૮ ના રોજ, ભાવનગર ખાતેની મહારાણીશ્રી નંદકુંવરબા મહિલા આર્ટસ અને કોમર્સ કૉલેજનાં ગુજરાતી વિષયનાં લગભગ ૩૦ વિદ્યાર્થીઓ અને ૪ ફેકલ્ટીશ્રીઓએ સંસ્થાની મુલાકાત લીધી હતી. તે દરમિયાન તેઓએ શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કૉલેજને પણ નિહાળી હતી. કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી જ્યોતિબેન મહાજને મુલાકાતીઓને કોલેજમાં ચાલતાં અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપી હતી. ઉપરાંત, વર્તમાન સમયમાં વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીની તકો રહેલી છે, તેની પણ વાત કરી હતી.

**તાલીમાર્થીઓનું વર્ગખંડ અવલોકન અને લેશન માર્ગદર્શન :**

શિક્ષક બનતા પહેલા શિક્ષક એ વિદ્યાર્થીઓને કેવી રીતે અધ્યાપન કરાવે તે જાણવું ખૂબ જરૂરી છે. તે માટે તાલીમાર્થીઓને તાલીમ મેળવીને યોગ્ય શિક્ષક બને છે. એ પ્રમાણે, D.Ed. Spl.Ed.(HI) સેમેસ્ટર - ૩ના તાલીમાર્થીઓની તા. ૬-૮ થી તા.૧૨-૮ સુધી, પ્રેક્ટીકલ કાર્ય માટે સંસ્થાની વિશિષ્ટ પ્રાથમિક શાળામાં વર્ગખંડ અવલોકન અને લેશન માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભાવનગર નવજવાન સંઘ સંચાલિત
# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ
## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

**અનાજ કીટ વિતરણ કાર્યક્રમ :**



શેઠશ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઇ પારેખ પોલિક્લિનીક ભાવનગર દ્વારા, શ્રી પ્રતાપરાય શામજીભાઇ પારેખની તા.૨૭-૭ના રોજ પાંચમી પુણ્યતિથિ નિમિત્તે શેઠશ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલના કર્મચારીઓને અનાજ કીટ વિતરણ તથા આ હોસ્પિટલમાં સેવા આપનારા ડો.શ્રીઓને તથા ઓફિસ મેનેજમેન્ટ સ્ટાફને ગિફ્ટ વિતરણ કાર્યક્રમ તા.૨૬-૭ ના રોજ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમા સંસ્થાના પ્રમુખશ્રી અનંતભાઇ કે. શાહ (બાબાભાઇ), ઉપપ્રમુખશ્રી રાજેશભાઇ હકાણી, માનદમંત્રીશ્રી સુર્યકાંતભાઇ ચાવડા, ખજાનચીશ્રી કીર્તિભાઇ ગાંધી, શ્રી પારસભાઇ શાહ તથા ઇલાબેન એ. શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સંસ્થામા રોજીંદી સેવા આપતા ડો.શ્રીઓ-સાત તથા ઓફિસ

મેનેજમેન્ટના-ત્રણ કર્મચારીઓ અને શિવણ શિક્ષીકા બે ને ગિફ્ટ આપવામાં આવી હતી. જ્યારે હોસ્પિટલમાં કામ કરતા નર્સિંગ સ્ટાફ, આયાબેન, સફાઇ કર્મચારી અને પ્યુન એમ કુલ સતર (૧૭) કર્મચારીઓને દૈનિક જરૂરિયાતની વસ્તુઓ-અનાજનીકીટ વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી અનંતભાઇ શાહ(બાબાભાઇ)એ આ હોસ્પિટલની કેવી રીતે શરૂઆત થઈ ? તેના સોનેરી સંભારણા તથા શ્રી પ્રતાપરાય શામજીભાઇ માવજીભાઇ પારેખ પરિવાર દ્વારા થઇ રહેલી ઉદાર સખાવત અને આ હોસ્પિટલ દ્વારા જરૂરિયાતમંદ લોકોને વધુને વધુ સારી રીતે ખર્ચાળ સારવારમાં રાહત આપી શકાય તેવી પ્રવૃતિ કરવામાં આવી રહી છે, તે અંગે માહિતગાર કર્યા હતાં.

**મોતીયોના વિનામૂલ્યે ઓપરેશન માટે નિ:શુલ્ક તપાસ નિદાન કેમ્પ યોજાયા :**



આ હોસ્પિટલ ખાતે સ્વ. શોભાનાબેન જયકિશોરભાઇ વ્રુજલાલ મુનીના આત્મશ્રેયાર્થે, હસ્તે શ્રી સુનીલભાઈ મુની તથા હરેશભાઇ મોદીના સહયોગથી તા. ૩-૭ના રોજ વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાય ગયો હતો, જેમાં ડો. હર્ષા મહેશ્વરી અને ડો.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૨૯ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશની જરૂરતવાળા દર્દીઓ પણ હતાં.

- આ હોસ્પિટલ ખાતે સ્વ. શ્રી વિમળાબેન શાંતિલાલ મહેતાની પુણ્યતિથિ નિમિતે તા.૧૧-૭ ના રોજ, વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાય ગયો હતો. , જેમાં હોસ્પિટલમાં ચાલતા તમામ વિભાગમાં કુલ ૯૪ દર્દીઓને તપાસ કરી, સારવાર આપવામાં આવી હતી તથા મોતિયાના ઓપરેશનની જરૂરતવાળા ૧૦ દર્દીઓ હતાં.
- આ હોસ્પિટલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા, એક નેત્રયજ્ઞનું આયોજન તા.૧૯-૭ ના રોજ રેડક્રોસ ભવન, દીવાનપરા રોડ, ભાવનગર ખાતે કરાયું હતું. જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૪૧ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા દર્દીઓ પણ હતાં.
- આ હોસ્પિટલ અને લાયન્સ ક્લબ ઓફ ભાવનગર(વેસ્ટ) ના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા. ૨૬-૭ ના રોજ ઘોઘાસર્કલ, સંસ્કાર મંડળ ( અખાડો) ભાવનગર ખાતે રાખવામાં આવ્યો હતો, જેમાં ડો. ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૨૬ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથાં મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૧૨ દર્દીઓ હતાં.
- આ હોસ્પિટલ અને બેંક એમ્પ્લોઇઝ ક્રેડિટ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે, વિનામૂલ્યે મોતિયો નેત્રયજ્ઞ તા. ૨૬-૭ ના રોજ રામવાડી, ભાવનગર ખાતે યોજાયો હતો , આ કેમ્પમાં શેઠ શ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલનાં પ્રમુખ શ્રી અનંતરાય કે. શાહ, ખજાનચી શ્રી કીર્તિભાઇ ગાંધી, માનદ્મંત્રી શ્રી સુર્યકાંતભાઇ ચાવડા, ટ્રસ્ટી શ્રી પારસભાઇ શાહ ઉપસ્થિત રહી, કેમ્પની ટીમને પ્રોત્સાહિત કરી હતી. આ કેમ્પમાં ડો. હર્ષા મહેશ્વરી દ્વારા ૨૭ દર્દીઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૭ દર્દીઓ હતાં.
- આ હોસ્પિટલ ખાતે, તા. ૨૮-૭ ના રોજ સ્વ. શ્રી પ્રતાપરાય શામજીભાઇ પારેખની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાયો હતો, જેમાં હોસ્પિટલમાં ચાલતાં તમામ વિભાગમાં કુલ ૬૮ દર્દીઓને તપાસ કરી, સારવાર આપવામાં આવી હતી. તથાં મોતિયાના ઓપરેશન જરૂરતવાળા દર્દીઓ પણ હતાં.
- આ હોસ્પિટલ ખાતે તા. ૨૯-૭ ના રોજ શ્રી શાંતિલાલ હરીદાસ મહેતાની પુણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાયો હતો , જેમાં હોસ્પિટલમાં ચાલતા તમામ વિભાગમાં કુલ ૭૦ દર્દીઓને તપાસ કરી, સારવાર આપવામાં આવી હતી. તથાં મોતિયાના ઓપરેશન જરૂરતવાળા દર્દીઓ પણ હતાં.
- આ હોસ્પિટલ ખાતે તા. ૩૧-૭ ના રોજ સ્વ. શ્રી શામજીભાઇ માવજીભાઇ પારેખની પુણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે મેગા કેમ્પ યોજાયો હતો. જેમાં હોસ્પિટલમાં ચાલતા તમામ વિભાગમાં કુલ ૭૬ દર્દીઓને તપાસ કરી, સારવાર આપવામાં આવી હતી. તથા મોતિયાના ઓપરેશન જરૂરતવાળા દર્દીઓ પણ હતાં.

**નોંધ:** ઉપરોક્ત તમામ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર, તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ, પથિકાશ્રમ પાસે, ગંગાજળિયા

તળાવ,ભાવનગર ખાતે અધતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી, નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.

**જૂલાઈ-૨૦૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 60 |
| OPD | 373 | ORTHOPEDIC DEPARTMENT | 73 |
| Cataract Surgeries - Free | 33 | CHEST PHYSICIAN | 04 |
| Cataract Surgeries - Paid | 20 | PHYSIOTHERAPY | 02 |
| EYE Retina | 21 | GENERAL OPD | 201 |
| ENT DEPARTMENT | | PSYCHIA TRIC | 20 |
| OPD | 577 | PEDIATRIC | 06 |
| OPERATION - PAID | 09 | SKIN DEPARTMENT | 193 |
| MINOR PROCEDURE | 204 | X-RAY DEPARTMENT | 00 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 138 |
| OPD | 147 | LABORATORY TEST | 334 |
| PROCEDURE | 144 | SONOGRAPHY | 17 |
| MATERNITY | | CAMP | 08 |
| OPD | 00 | PATIENT | 438 |
| DELIVERY | 00 | SHAMJI MAVJI RELIEF | 12 |
| OPERATION | 00 | | |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



## રસીકરણ કેમ્પ :




શાળા ખાતે અર્બન હેલ્થ સેન્ટરનાં સહયોગથી ૧૦ વર્ષ અને ૧૬ વર્ષ ની ઉંમર ધરાવતા બાળકો માટે ટીટનેસ + ડિપ્થેરીયા (TD) રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૨ બાળકોને TD ની રસી આપવામાં આવી હતી. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીનાં માર્ગદર્શન નીચે શિક્ષક શ્રી પારસભાઈ પરમાર દ્વારા સમગ્ર કેમ્પનું સંચાલન કરવામાં આવ્યું હતું.

## પ્રવેશોત્સવ ઉજ્જવળ ભવિષ્યનો... :

તા.૨૨-૭ ના રોજ શાળા ખાતે, ભાવનગરનાં કલેક્ટર ડો.શ્રી મનિષકુમાર બસંલનાં મુખ્ય મહેમાન પદે, મનોદિવ્યાંગ બાળકોનો વિશિષ્ટ પ્રવેશોત્સવ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત બાળકની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-'૨૬માં નવા પ્રવેશ મેળવેલ મનોદિવ્યાંગ બાળકોને કાર્યક્રમના મુખ્ય મહેમાન કલેક્ટર ડો. મનિષકુમાર બંસલ, અતિથિ વિશેષ શ્રી સુરેશભાઈ ચૌધરી (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી), ડો. યામીની પારસનીયા (VOSAP), સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રેઝરર શ્રી



દેવલભાઈ શાહ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ તિલકવિધિ–મોં મીઠું કરાવી યુનિફોર્મ, તેમજ શૈક્ષણિક કીટ ભેટ આપી નવા પ્રવેશ મેળવેલા ૧૧ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમજ રમત-ગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે સિધ્ધિ મેળવેલ બાળકોને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે નિરામયા પોલિસી તથા ગાર્ડિયનશીપ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ કલેક્ટરશ્રી તથા સમાજ સુરક્ષા અધિકારીશ્રી દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી, આભારવિધિ શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવી હતી. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન નીચે સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ તથા બાળકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

**યુનિફોર્મ વિતરણ :**

દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને ૧ જોડી યુનિફોર્મ, શાળા તરફથી વિનામૂલ્યે આપવામાં આવ્યો હતો. જેમાં P.N.R. સોસાયટીનો સહયોગ સાંપડ્યો છે. યુનિફોર્મ વિતરણની કામગીરી શ્રી પારસભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

**હોમગાર્ડ યુનિટની મનોદિવ્યાંગ બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી :**

ભાવનગર જિલ્લા હોમગાર્ડ યુનિટ દ્વારા, અંકુર શાળાના મનોદિવ્યાંગ બાળકોને રાખડી બાંધી, મોં મીઠું કરાવી ઉત્સાહભેર તથા લાગણીસભર વાતાવરણ વચ્ચે રક્ષાપર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે જિલ્લા હોમગાર્ડ કમાન્ડર શ્રી શંભુસિંહ સરવૈયાની વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી પણ સાથે જોડાયા હતાં. આ કાર્યક્રમમાં હોમગાર્ડ યુનિટની બહેનો બહોળી સંખ્યામાં હાજર રહી હતી. વિશેષમાં હોમગાર્ડ યુનિટની બહેનોએ મનોદિવ્યાંગ બાળકોએ બનાવેલ રાખડીઓ ખરીદીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું સંકલન શ્રી જયપાલસિંહ ગોહિલ તેમજ સંચાલન ડો. ભાવનાબેન અંધારિયાએ કર્યું હતું.

**ઈનરવ્હીલ ક્લબ દ્વારા શાળામાં રક્ષાબંધનની ઉજવણી**

તા. ૬-૮ના રોજ શાળામાં વિવિધ સામાજીક કાર્યો માટે જાણીતી ઈનરવ્હીલ ક્લબ દ્વારા શાળાના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈનરવ્હીલ ક્લબની બહેનો દ્વારા શાળાના બાળકોને રાખડી બાંધી, આશીર્વાદ પાઠવ્યાં હતાં. તેમજ ક્લબ દ્વારા બાળકોને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈનરવ્હીલ ક્લબના મેમ્બર્સ-વાલીઓ-બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

**રક્ષાબંધન પર્વની ઉજવણી :**

તા.૮-૮ ના રોજ શાળામાં ભાઈ-બહેનના પવિત્ર બંધનનો તહેવાર રક્ષાબંધન પર્વની દર વર્ષની માફક આ વર્ષે પણ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલના ઉપક્રમે, આનંદમય વાતાવરણ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત શાળાના વિદ્યાર્થી આલોકની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહે કર્યું હતું. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીઓની દ્વારા આવેલ મહેમાનોને રાખડી બાંધી હતી અને આશીર્વાદ પાઠવ્યાં હતાં. રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલના પ્રમુખ ડો.શ્રી શકીલભાઈ ચૌહાણે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તથા રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડો. ભાવનાબેન અંધારિયાએ તથા આભારવિધિ શ્રી હરદિપભાઈ કામળિયાએ કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

**હેન્ડબોલ નેશનલ કોચીંગ કેમ્પ માટે પસંદગી :**

તા.૧૧-૮ ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ હેન્ડબોલ સિલેક્શન કેમ્પમાં શાળાના ત્રણ વિદ્યાર્થીઓ પૂર્વા સોલંકી, અંકિતા મેર અને રાજ પરમાર હેન્ડબોલ નેશનલ કોચિંગ કેમ્પ માટે પસંદગી પામ્યાં હતાં. સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા બાળકો વચ્ચે શાળાના ઉપરોક્ત ત્રણ બાળકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેઓ આગામી ૨ સપ્ટેમ્બરનાં રોજ રાજસ્થાનના ગંગાનગર ખાતે કેમ્પમાં ભાગ લેવા જશે. આ બાળકોને શાળાના સ્પોર્ટસ ટીચર શ્રી આસીફખાન પઠાણ તથા શ્રી ફાતેમાબેન હિરાણીએ પ્રેક્ટીસ કરાવી હતી. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ ઓફિશ્યલ તરીકેની જવાબદારી નિભાવેલ, તેમજ શાળાના શિક્ષક શ્રી મોનાલીબેન ઉપાધ્યાય એસ્કોર્ટ તરીકે સાથે જોડાયા હતા.

**રાષ્ટ્રિય કક્ષાએ 'અંકુર' નાં મંદબુદ્ધિ બાળક ઝળક્યાં :**

ગ્વાલિયર ખાતે સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા, નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોન ટેનિસ રમતના સિનયર વિભાગમાં ગુજરાત વતી ભાગ લઈ ક્રિષ રોયે ગોલ્ડ મેડલ મેળવી, રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાત, ભાવનગર તથા શાળાનું ગૌરવ વધાર્યુ છે. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શાળાના સિનયર કોચ શ્રી જયપાલસિંહ ગોહિલ તથા સ્પોર્ટસ ટીચર શ્રી આસીફખાન, તેમજ શ્રી ફાતેમાબેન દ્વારા બાળકને કોચિંગ આપવામાં આવ્યું હતું.

**આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્ય નિષેધ દિવસની ઉજવણી :**

શાળા ખાતે " આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્ય નિષેધ દિવસ" ની ઉજવણીના ભાગરૂપે નશામુક્ત ભારત અભિયાન હેઠળ તા. ૧૩-૮ ના રોજ શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના અધ્યક્ષ સ્થાને "આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્ય નિષેધ દિવસ" અંતર્ગત, સંસ્થાના મનોદિવ્યાંગ બાળકો તથા શિક્ષકો સાથે સામૂહિક નશામુક્ત પ્રતિજ્ઞા તથા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યાં હતાં. 'એકનો નશો છોડાવો, પાંચના જીવન બચાવો', 'સૌનો સાથ નશાનો નાશ', 'ફેશન માટે ના કરો વ્યસન' જેવા ગગનભેદી સૂત્રો સાથે મનોદિવ્યાંગ બાળકોએ વ્યસન મુક્ત ભારત અભિયાનને વેગ આપ્યો હતો. સંસ્થાના શિક્ષકશ્રી પારસભાઈ પરમારે ભારતને વ્યસન મુક્ત કરવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પ્રસંગે સંસ્થાના સ્ટાફ પરિવાર ખાસ ઉપસ્થિત રહ્યો હતો. આભારવિધિ સંસ્થાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે કરી હતી.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**એક્ઝિબિશન કમ સેલ :**

અમદાવાદ ખાતે તારીખ ૨૧ થી ૨૩ જુલાઈ – ૨૦૨૫ દરમ્યાન MUDREKHA LIFESTYLE દ્વારા આયોજત એકઝિબિશનમાં શાળાના વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મંદબુદ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ પેટર્નની અવનવી, રંગીન તથા આકર્ષક રાખડીઓનું એકઝિબિશન કમ સેલ રાખવામાં આવેલ. જેમા લોકોએ મંદબુદ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલી રાખડીઓ ખરીદી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.



## યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

✍ છાયા જોષી



**"રીડર ઓફ ધ યર એવોર્ડ" :**

PNR સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ લાઈબ્રેરીમાં **'લર્ન વિથ ફન થીમ'** પર વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે. અહી બાળકો દરરોજ લાઈબ્રેરીમાં આવે છે અને વિવિધ પુસ્તકો વાંચે છે. અહીં સૌથી વધુ પુસ્તકો વાંચનાર સ્ટુડન્ટને "રીડર ઓફ ધ યર" એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. બાળકો એટલા બધા પુસ્તકો વાંચે છે કે દર વર્ષે એક નવો રેકોર્ડ બને છે. આ વર્ષે "રીડર ઓફ ધ યર" એવોર્ડ કે.એન.શાહ હાઇટેક ઇન્ક્લુઝિવ સ્કૂલની ધો. ૮ ની વિદ્યાર્થીની કુ. ધોલેતર માહી વિપુલભાઈએ તા. ૨૬-૬ થી તા. ૨૨-૭ દરમ્યાન ૨૭ દિવસમાં ૫૬ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે, માહી જીવનના તમામ ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરે એવી શુભેચ્છા.

# ૧ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Hetal Bakulesh Sheth - Mumbai | 5,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Jewelex Foundation - Mumbai | 15,00,000 |
| Shri Bhanumatiben Chimanlal Shah - Mumbai | 25,000 |
| Shri Rashmiben Pratapbhai Parekh - Mumbai | 1,00,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Anantrai K Shah - Bhavnagar | 1,000 |
| Dr. Pravin Deshmukh | 1001 |

### FCRA

| | $ |
|---|---|
| SEE INTERNATIONAL - USA | 3,195 |
| PNR USA FOUNDATION INC - USA | 17,500 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Mahechha Trust - Mumbai | 25000 |
| M/S. S And S Export - Mumbai | 20000 |
| M/S. Janak Enterprise - Bhavnagar | 300000 |
| M/S. B J Modi Foundation - Mumbai | 500000 |
| M/S. Savitaben Chhotalal Damani Charitable Trust - Mumbai | 143650 |
| Shri Mukesh Pravinchandra Mehta - Bhavnagar | 75000 |
| M/S. Mangal Keshav Capital Limited - Mumbai | 25000 |
| Ms. Gayatri Sanjeevkumar Saraswat - Bhavnagar | 2500 |
| Shri Shah Rajnikant Ratilal Talajawala - Talaja | 6000 |
| Shri Ajitbhai Kantibhai Trivedi - Ahmedabad | 8000 |
| Shri Mukesh Oza - Mumbai | 50000 |
| Dr. Laxmi Gurumukhani - Bhavnagar | 10000 |
| Shri Priyeshbhai Bharatbhai Parekh - Bhavnagar | 5000 |
| M/S. Anan Drug And Chem Ltd. - Bhavnagar | 50000 |
| Ms. Chetnaben V Kothari - Bhavnagar | 36000 |
| Dr. Narendrakumar Meena - Bhavnagar | 15000 |
| Ms. Meena Niranjan Kothari - Nasik | 14000 |
| Shri Virambhai Joshi - Bhavnagar | 3111 |
| Shri Hamza Zaveri - Bhavnagar | 8000 |
| Shri Sagar Monish Shaileshbhai - Bhavnagar | 5100 |
| Shri Sagarbhai Vinodbhai Acharya - Bhavnagar | 10001 |
| Ms. Rashmiben Pratapbhai Parekh - Mumbai | 100000 |
| Late Vinaben Khambhati - Bhavnagar | 6000 |
| Shri Arvindbhai P Bandhara - Bhavnagar | 12000 |
| Ms. Riddhi Muni - Bhavnagar | 6000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Tarla Rajnikant Gandhi - Mumbai | 5,00,000 |
| Shri Mansukhlal Jagjivanbhai Pandya - Talaja | 1,11,111 |
| M/S. Subhagi Charitable Trust - Bhavnagar | 36200 |
| Shri Dipakkumar M. Mehta - Mumbai | 25001 |
| M/S. Jade Blue Lifestyle India Limitem - Ahmedabad | 25000 |
| Ms. Sonalben Sunilbhai Muni - Bhavnagar | 25000 |
| Shri Yogesh Maneklal Kansara - Vadodara | 15000 |
| M/S. Rotary Club of Bhavnagar - Bhavnagar | 13600 |
| Shri Milanbhai Parekh - Bhavnagar | 12000 |
| Shri Bhupendra Hiralal Mehta - Mumbai | 11000 |
| M/S. Jay Bholenath Trust - Mangrol - Surat | 10000 |
| Ms. Nilofer Munirbhai Khokhar - Bhavnagar | 10000 |
| Shri Unnatbhai Patel - Bhavnagar | 5100 |
| Shri Prakash Amulakh Shah - Bhavnagar | 5001 |
| Shri Jaydevbhai K. Desai Mangrol - Surat | 5000 |
| Ms. Kinnari Mukundrai Pandya - Bhavnagar | 5000 |
| Shri Mahendrabhai J. Shah / Priti M. Shah - Bhavnagar | 3000 |
| Shri Hiren Mahendrabhai Kamdar - Bhavnagar | 2500 |
| Ms. Vidhyaben Shriprakash Shah - Bhavnagar | 2500 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2000 |
| Shri Jignesh Gunvatrai Gandhi - Vadodara | 1901 |
| Shri Shriraz Sadruddin Lalani - Mumbai | 1901 |
| Well Wisher - Bhavnagar | 1000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર - શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫



'અંકુર' શાળામાં મહાનુભાવો સાથે પ્રવેશોત્સવ



PNR હોસ્પિટલમાં રેટિના ક્લિનિકનો શુભારંભ


PNRમાં શ્રી હિતેનભાઈ પંડયાના હસ્તે ધ્વજવંદન


સી.પી.સ્કૂલમાં કૃષ્ણ જન્મોત્સવ


'અંકુર' માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી


લોઢાવાળા હોસ્પિટલમાં ડો. શ્રીને ગિફ્ટ વિતરણ

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 September - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com